॥ હરિઃૐ ॥

Published by Hariom Ashram, Nadiad, Gujarat

# હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)

Year : 8 • Issue : 6 • 5th May.; 2026 • Price : Rs. 10











## સુનિશ્ચિત એટલે શું ? એને વળગી રહો

જીવનવિકાસ પરત્વેના સંકલ્પને દૃઢ કરતા જ રહેવું. જેનો નિશ્ચય દૃઢ અને જીવંત હોય, તેનું મન કશે આમ કે તેમ ફેંકાઈ ના શકે. નિશ્ચયી હોય કે રહે તે તો સદાય જીવતો રહી શકે. તે કદી ચળી કે ડગી પણ ન શકે. નિશ્ચય એટલે જીવનધ્યેય પરત્વેનાં દૃષ્ટિ, વૃત્તિ, વલણ આદિને તેની (ધ્યેયની) ગતિમાં એકાગ્ર, કેંદ્રિત અને ભાવમય રહ્યા કરવાની દશા જેમાંથી પાક્યા કરે છે તે. માટે **જીવનના રચનાત્મક વલણ માટે કરેલા નિર્ણયને તો મૃત્યુ આવે છતાં વળગી જ રહેવાનું. જીવનમાં જે જીવ એવું ખમીર પ્રગટાવી શકે છે, તેનું જીવતર ધન્ય છે.**

'પ્રેમ-શૌર્ય થકી પંથે રહેજે.
મૃત્યુ ભલે વરે.'
એનું સદા સ્મરણ કરી રહેજે.

## જીવનમાં શાંતિની જરૂર

જેને જીવનનો વિકાસ સાધવો છે, એવા **જીવે** શાંતિ, સમતા, તટસ્થતા, પ્રસન્નતા, સહનશીલતા, પરમ સહિષ્ણુતા, ઉદારતા, માનસિક વિશાળતા, ધીરજ, સર્વના સદ્‌ગુણ પરખવાની કદરદાની, બીજાની ઘણી ઘણી હૃદયની પરવા કરવાની ભાવના આદિ ગુણો કેળવી કેળવીને જીવનમાં જીવતા કરવાના રહે છે તે જાણજે. **ચિત્તમાં શાંતિ, પ્રસન્નતા પ્રગટ્યા વિના કશું નવસર્જન થઈ જ ન શકે.**

**સર્વ કંઈ કરતાં રહીએ, છતાં પોતે પોતાનામાં એકાગ્રતાપણે, કેંદ્રિતપણે હૃદયની મસ્તીથી લીન રહ્યાં કરીએ, તો તેવો જીવ ધ્યેયને વરી શકે.**

જીવનમાં મળતી સર્વ કંઈ પરિસ્થિતિ તો શ્રીપ્રભુની કૃપાની લીલા છે, એવા ભાવે જ્ઞાનભક્તિપૂર્વક પોતાના જ જીવનના કલ્યાણ અર્થે સ્વીકાર કરવાનો છે. કશું જ નકામું નથી.

## આપ્યા જ કરો

શ્રીભગવાનને ચરણકમળે સકળ કંઈ પાપ અને પુણ્ય આપ્યા જ કરો. **એટલે જે જે વિચાર, વૃત્તિ, લાગણી, ઊર્મિ, વાસના, મોહ, રાગ, કામના, આશા, ઈચ્છા, લોલુપતા આદિ જે જે ઊપજે તેમ તેમ તે તે બધું એને જ પ્રેમભક્તિભાવે સમર્પણ કરતાં રહેવું. મનને તો ખાલી ને ખાલી જ રાખ્યા કરવાની જ્ઞાનપૂર્વકની તેવી કળા જો શીખી ગયાં, તો પછી નિર્ભય છીએ. જે જે વિચાર ઊઠે, તેમાં પોતાની મેળે કરીને એને લગતા બીજા વિચારોની સાંકળ આપણે જોડતાં ન રહેવું.**

## સદ્‌ગુરુનું લગાતાર સ્મરણ કરો

મનને ભાવનામાં, ભક્તિમાં પરોવી રાખવાનો અભ્યાસ કેળવ્યા કરવાનો છે. જેને ગુરુ કે જીવનવિકાસનો માર્ગ બતાવનાર મિત્ર, સખા, વડીલ કે હૃદયનું સ્વજન આપણે હૃદયમાં હૃદયથી સાચોસાચ માન્યો હોય, તો તે મન-આંખ-હૃદય આગળથી જતો રહી કેમ શકે ? **એટલે એને સામે ને સામે રાખી રાખીને સકળ કર્મ મનહૃદયથી શાંતિ અને પ્રસન્નતાથી, કર્મમાં દિલ પરોવીને નહિ, વળી, જીવનનો જે સદ્‌ગુરુ છે તેના સ્થૂળપણામાંયે નહિ,** પણ એની ચેતનાપૂર્વકની ભાવનામાં પરોવી પરોવીને સકળ કંઈ કરતાં રહેવાનું છે. વાંકુંચૂકું થઈ જવાતાં એની કૃપામદદ હૃદયથી યાચ્યા જ કરવી. એને હૃદયમાંથી ખસેડવો જ નહિ. ભાવનાની ઉત્કટતા જેમ જેમ જીવતી અને વધતી જશે, તેમ તેમ ભાવનાની બાબત પ્રત્યક્ષ આકાર લેતી અનુભવી શકવાનાં છીએ તે જાણજે.

**('જીવન સોપાન' પુસ્તકમાંથી')**

WEBSITE : www.hariomashram.in E-MAIL : hariommota10@gmail.com

**ટ્રસ્ટીમંડળ**

શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશ(મંગેશ)ભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ
શ્રી કીર્તિભાઈ બી. પરમાર

**પમી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**

બદલાયેલ સરનામાની જાણ ગ્રાહક નંબર સાથે આશ્રમના વોટ્સએપ નંબર ઉપર અથવા હરિ:ૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ-૩૮૭૦૦૧ને કરવી.

**હરિ:ૐ આશ્રમ, નડિયાદ**

**આશ્રમ : ૭૮૭૮૦ ૪૬૨૮૮**
**પરેશભાઈ : (મો.) ૯૪૦૮૯ ૨૦૭૫૭**
**રાજેન્દ્રભાઈ : (મો.) ૯૯૭૮૪ ૦૫૨૩૧**

**લવાજમ**

છૂટક નકલ : રૂ. ૧૦/- વાર્ષિક : રૂ. ૬૦/-
પાંચ વર્ષ : રૂ. ૨૫૦/- દસ વર્ષ : રૂ. ૪૦૦/-

**પ્રકાશન સ્થળ : હરિ:ૐ આશ્રમ, પો.બો. ૭૪, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧**

**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

## અનુક્રમણિકા

| ક્રમ | વિષય | લેખક | પૃ. |
|---|---|---|---|
| ૧. | વાત્સલ્ય | – અતુલભાઈ લેખડિયા | ૫ |
| ૨. | અનેરો મૃત્યોત્સવ | – બાબુભાઈ ના. પટેલ | ૭ |
| ૩. | શ્રી ઈન્દુકાકાને સ્મરણાંજલિ | – શ્રી કાર્તિકેયભાઈ અમીન | ૧૧ |
| ૪. | સાધનામર્મ-૪ | – રમેશ ભટ્ટ | ૧૪ |
| ૫. | સંસ્કાર વિચારકર્મ વિશે | – શ્રીમોટા | ૧૬ |
| – | ગયેલા આત્માને હૃદય સ્પર્શી શ્રદ્ધાંજલિ | | ૧૮ |
| ૬. | માનવી - જીવનનું શ્રેષ્ઠ ધ્યેય | – શ્રીમોટા | ૧૯ |
| ૭. | પૂજ્ય શ્રીમોટાની ઝીણાકાકાના લવાછા ગામની મુલાકાત | – શ્રીમોટા | ૨૧ |
| ૮. | પૂજ્ય શ્રીમોટાનો ૮૮મો સાક્ષાત્કાર દિન રામનવમી ઉત્સવ ૨૦૨૬, સુરત | | ૨૫ |

**હરિ:ૐ આશ્રમ, નડિયાદને દાન-ભેટ આવકાર્ય છે.**

આશ્રમના બેંકખાતામાં કોઈ પણ બેંકની પેમેન્ટ એપ, RTGS, NEFT, IMPS, UPI મારફતે દાન/ભેટ મોકલી શકાય છે.

એકાઉન્ટનું નામ : **હરિ:ૐ આશ્રમ, નડિયાદ,** HARI OM ASHRAM, NADIAD
બેંકનું નામ : BANK OF BARODA - બેંક ઓફ બરોડા, Mission Road Branch, Nadiad
સેવિંગ્સ એકાઉન્ટ નંબર : 72850100008267
IFSC કોડ : BARB0DBMISS (Fifth Character is ZERO) (પાંચમો આંકડો શૂન્ય સમજવો.)

ઓનલાઈનથી દાન મોકલનાર **સ્વજને તેમનું પૂરું નામ, અટક, સરનામા (પીનકોડ સહિત)**ની જાણ નીચે દર્શાવેલ વ્હોટ્સએપ નંબર ઉપર **મોબાઈલ નંબર, પાનકાર્ડ** સાથે અચૂક કરવાથી જ ઈન્કમટેક્ષમાંથી કરમુક્તિને પાત્ર 10BE સર્ટી આપી શકાશે. અન્યથા કરમુક્તિ મળવાપાત્ર થશે નહિ. **(ઈન્કમટેક્ષ એક્ટની કલમ ૮૦(જી)(૫) અન્વયે ભેટની રકમ કરમુક્તિને પાત્ર છે.)**
**વ્હોટ્સએપ નંબર : પરેશભાઈ શાહ (મેનેજર) : ૯૪૦૮૯ ૨૦૭૫૭ અથવા રાજેન્દ્રભાઈ રાવલ : ૯૯૭૮૪ ૦૫૨૩૧**

**ઉપરોક્ત પદ્ધતિથી 'હરિ:ૐ ગુંજન'નું લવાજમ પણ મોકલી શકાશે.**

ધર્મ અને ધંધાના કર્મફલક ઉપર યોગ્ય અને ન્યાયી સંસારી પાત્રો એટલે સદ્‌ગત ઈંદ્રવદન ભલાભાઈ લેખડિયાના વૈષ્ણવપંથી પુત્રો શ્રી કિરણભાઈ, શ્રી યોગેશભાઈ અને શ્રી અતુલભાઈ લેખડિયા અને તેમનો પરિવાર.

પ્રૌઢ ઉંમરનાં માતુશ્રી સવિતાબહેન આઈ. લેખડિયાનું ધર્મપરાયણ આચરણ પ્રેરણાદાયી, ભાવાત્મક, હૃદયસ્પર્શી અને ખૂબ સૌમ્ય છે. તેમના ગુણભાવ અને સંસ્કારનાં દર્શન તેમનાં પરિવારજનોમાં અવિતરપણે થયા કરે છે. ધર્મનિષ્ઠ, ભક્તિપરાયણ ને ઉમદાભાવ ધરાવતાં કુટુંબ ઉપર ઈશ્વર પણ તેનાં કૃપાભાવનું અવતરણ કરવામાં રાજીપો અનુભવે છે. ભગવાન તેના ભક્તનાં ભક્તિભાવથી રાજી થાય છે અને ત્યારે સદ્‌ગુરુનું નિમિત્ત પ્રગટાવીને **જીવ**ને દોરે છે.

લેખડિયા પરિવાર, પૂજ્ય ભાઈ વિશે વ્યક્ત થવા માટે નિમિત્ત બન્યું છે. શ્રી અતુલભાઈ લેખડિયા વર્ણવે છે કે પૂજ્ય ભાઈ સાથેના સંપર્કમાં આવ્યા બાદ અવારનવાર હરિઃૐ આશ્રમ, નડિયાદ અને વિદ્યાનગર એકાંતવાસમાં મળવા જવાનું બનતું. એ દરમિયાન ધંધાકીય કુટુંબ પરિવારના કે વ્યક્તિગત કોઈ પણ સારાનરસા પ્રસંગ ઘટતા હોય, તે ખુલ્લા દિલે તેમની સમક્ષ વ્યક્ત થતા. પૂજ્ય ભાઈ પણ અમારાં સૌનું અંતરપટ સહજ માપી લેતાં અને વાતના વળને બરાબર પકડી, જાણે આંગળી પકડી સમજાવતા, જરૂર પડે ત્યાં આદેશાત્મક નિર્ધારિત પરિણામલક્ષી સૂચન કરતા જે સમય જતાં તેમનાં દૃષ્ટિબિંદુ મુજબ સો ટકા સાચું પડતું અમે અનેક પ્રસંગો-ઘટનાઓમાં અનુભવ્યું છે.

**સંકટના સાથી પૂજ્ય ભાઈ**

(૧) ૧૯૮૨-'૮૩માં વટવા ફૅક્ટરીમાં ઍક્સિડન્ટ થતાં ચાલુ ધંધો બંધ કરી દેવો તે અંગે પૂજ્ય ભાઈ સમક્ષ રજૂઆત કરતાં તેમણે સામો પ્રશ્ન કર્યો તમારા ધંધા ઉપર નભતા પચાસ સો ફૅમિલીના સભ્યોનું શું ? ધંધો ચાલુ રાખો. પછી ધંધો ચાલુ રાખ્યો જે નિર્વિઘ્ને ખૂબ વિકસ્યો. જોકે ઍક્સિડન્ટમાં ભોગ બનેલા વ્યક્તિઓનાં પરિવારજનોને પૂજ્ય ભાઈની સૂચના મુજબ વળતર આપેલું. આમ, પૂજ્ય ભાઈનાં પ્રેરણાબળે અને વળતરના લાભાર્થી પરિવારજનોના અનરાધાર આશીર્વાદથી ધંધો દિન દુગુના રાત ચૌગુના બની વિકસ્યો. આમ, આપણે સંજોગોવસાત્ દૃઢ નિર્ણય કર્યો હોય તેનાથી વિપરીત તેઓ આજ્ઞા કરે, આદેશ આપે, પ્રેરણા આપતા, આપણને તેની આજ્ઞાપાલનની ખરાખરીની, કપરી કસોટીના એરણે ચઢાવતા, તેમની આજ્ઞાપાલનનું બળ પણ તેઓ જ જાણે આપતા હતા. રસ્તો-દિશા-મંજિલ અને હિંમત પૂજ્ય ભાઈનાં જ હોય.

(૨) ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીઝના મંદીના કાળમાં ધંધાકીય ઉઘરાણીના કરોડો રૂપિયા ગુજરાતના બે મોટા ટેક્ષ્ટાઈલ ગ્રૂપમાં ફસાયેલા. શું કરવું ? પૂજ્ય ભાઈને વિગતે વાત કરતાં તેઓએ પ્રેરણાત્મક એવી નિશ્ચિંતતાની શાતા આપી કે - એક ગ્રૂપ પટેલ ભાયડો છે, મફતલાલ ગ્રૂપ. ગભરાશો નહિ બધી રકમ આવી જશે અને બીજો છે તે શ્રાવક છે, અરવિંદ ગ્રૂપ શેઠ શ્રી સંજય લાલભાઈ. ચિંતા ના કરશો, પૈસા ક્યાંય જવાના નથી આવી જશે.' કરોડોની રકમ, ઊંઘ ઊડી જાય પણ પૂજ્ય ભાઈના આ શબ્દો જાણે આશીર્વચન થઈ ગયા અને પૂરેપૂરી રકમ આવી ગઈ. સાથે સાથે તે કંપનીઓના શેઠશ્રીઓ સાથે વ્યક્તિગત સંબંધ થઈ ગયો. તેમના અન્ય ધંધાઓમાં પણ કોઈ પણ પ્રકારના અડચણ વગરની ભાગીદારી થઈ ગઈ. જેથી જે ધંધો હતો તેના કરતાં અનેકગણો સહજતાથી વિકસવા માંડ્યો. આમ, પૂજ્ય ભાઈનાં પ્રેરણાબળની શક્તિ કેવા કેવા ક્ષેત્રમાં અને કેવી વ્યક્તિઓને કેવાં કેવાં કામને સ્પર્શે છે. કલ્પના

બહારની વાતોને અમે અનુભવી, જેનો ભરપૂર લાભ અમને મળ્યો છે.

(૩) અમદાવાદ અને સુરતની ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીઝમાં બહોળા પ્રમાણમાં ધંધો હતો જ. સમય જતાં સુરતમાં ટેક્ષ્ટાઈલ બિઝનેસ પ્રૅક્ટિસ દિવસે દિવસે ભારરૂપ બનવા લાગી. તે પરિસ્થિતિ પૂજ્ય ભાઈ સમક્ષ રજૂ કરતાં એક વાક્યમાં જવાબ અને અમલ કરવાની શક્તિ આપી દીધી. 'અતુલભાઈ, **હૃદય ઉપર ભાર રહે તે ધંધો ન કરવો.'** મહિને કરોડનો નફો કરી આપતો ધંધો બંધ કરવાનો નિર્ણય કર્યો. સુરતનો ધંધો બંધ કર્યો.

સુરતના ધંધામાં જેટલી માનસિક અને શારીરિક શક્તિ વપરાતી અને તેની પાછળ રોકાઈ રહેતી તે તમામ શક્તિ અન્ય ધંધામાં પૂજ્ય ભાઈની કૃપાથી ડાઈવર્ટ થઈ, જેના પરિણામે નવા ધંધાનાં દિશા અને ગતિ મળ્યાં. પૂજ્ય ભાઈ પ્રેરિત દિશા અને ગતિ હોય પછી ધંધાના વિકાસમાં ચાર ચાંદ સ્વયં જાતે જ આવી મળ્યા.

(૪) પૂજ્ય ભાઈ સાથે એક દિવસ વાતે વાત નીકળતાં તેઓએ સૂચન સાથે આદેશ કરતાં એમ કહ્યું, **'એક ટોપલીમાં બધાં ઈંડાં સાથે ના મૂકવાં.'** એટલે એક જ ધંધામાં બધાં જ નાણાંનું રોકાણ નહિ કરવું. આગળ સમજાવતાં કહ્યું, (૧) સોનામાં (૨) જમીનમાં (૩) Fixed Dipositમાં (૪) શેર્સમાં વગેરેમાં રોકાણ કરવું. આગળ સમજાવ્યું, સોનાનું રોકાણ એવું છે કે ક્યારેય નાણાકીય વિકટ પરિસ્થિતિ આવે તો ઘરના અન્ય સભ્યોને તે પરિસ્થિતિનો અણસાર આવે તે પહેલાં સોનાને વેચતાં તરત રકમ મળી શકે. પરિસ્થિતિને પહોંચી વળાય.

જમીનમાં રોકાણ કરતાં લાંબે ગાળે ફાયદો - વળતરમાં કરી આપે. આજે સરખેજ-ગાંધીનગર હાઈવે ઉપર વર્ષો અગાઉ રોકાણનું ખૂબ સારું વળતર મળ્યું છે.

પૂજ્ય ભાઈ પ્રેરણાસ્રોત સ્વરૂપે ધંધાકીય પીઠબળ સાથે ધંધાકીય વિકાસનાં દિશા, દૃષ્ટિ અને ગતિના શક્તિ પ્રદાતા હતા. તેવી જ રીતે પરિવારના પ્રશ્નોમાં પણ રસ લેતા.

(૫) એક દિવસ ચિ. કુનાલ ભણવા માટે અમેરિકા ગયેલ છે અને શ્રી અતુલભાઈના મિત્રના ઘરે રહે છે તે બાબતે પૂજ્ય ભાઈએ સૂચન કર્યું કે 'સોનાના પાંજરામાં પોપટની કિંમત કંઈ નહિ.' તમારો મિત્ર તમારા કરતાંપણ વધુ સારી રીતે તમારા દીકરાને રાખે તેમાં દીકરો શું શીખશે ? એનો વિકાસ શું ? એને જાતે એકલો રહેવા દો. એને પાંજરામાંથી મુક્ત-સ્વતંત્ર કરો તો વિકાસ થાય. એટલે ચિ. કુનાલને અમેરિકાથી બોલાવી લીધો અને ફરી અમેરિકા ત્રણ વર્ષ એકલો રહ્યો. હાલમાં ચિ. કુનાલ પર્સનલ સેલ્ફ ડેવલપમેન્ટ-પેલી કહેવત મુજબ 'વડ જેવા ટેટા, બાપ એવા બેટા' જેવો ખીલ્યો છે. પરિવારના પાંચેય દીકરાઓને માટે પૂજ્ય ભાઈ તરફથી સૂચન મળેલાં છે અને પાંચેય દીકરાઓ (બીજી પેઢીના) ખૂબ વ્યવસ્થિત પોતપોતાની રીતે ધંધો-વહેવાર સંભાળે છે, તે પરિવાર માટે ખૂબ સંતોષકારક બાબત છે.

**– અતુલભાઈ લેખડીયા (અમદાવાદ)**

*('જીવનઅંજલિ' પૃ. ૩૫૫-૩૫૯)*

## હરિઃૐ આશ્રમ, નડિયાદને પાછલા બે માસ દરમ્યાન મળેલ દાન

| | |
|---|---|
| (૧) ફેબ્રુઆરી, ૨૦૨૬ | ૧,૭૬,૦૫૨-૦૦ |
| (૨) માર્ચ, ૨૦૨૬ | ૬,૭૮,૭૪૧-૦૦ |

## હરિઃૐ ગુંજનને મળેલ આર્થિક સહયોગ

| | |
|---|---|
| મનન પરેશભાઈ શાહ, નડિયાદ<br>લગ્ન નિમિતે | રૂ. ૧૦,૦૦૦ |

## ૨. અનેરો મૃત્યોત્સવ - સંક્ષિપ્તમાં

– બાબુભાઈ ના. પટેલ

તા. ૫-૧૦-૮૪ના શુક્રવારનો દિવસ હતો. શુક્રવારની સવારે આઠ વાગ્યે વટવાના અતુલભાઈ લેખડિયાના કેમિકલના કારખાનામાં ધડાકો થયો જે બહુ ભયંકર, પાંચથી સાત કિ.મી. દૂર સુધી એ ધડાકો સંભળાયો. એ ભયંકર ધડાકા સાથે કારખાનાના ફુરચા ઊડી ગયા. કારખાનાની ત્રણ દીવાલો પડી ગઈ. કારખાનાનો લોખંડનો દરવાજો અઢીસો ફૂટ દૂર ફેંકાઈ ગયો. ચાર માણસો દીવાલના કાટમાળ નીચે દટાઈ ગયા. **શ્રી જસુભાઈ** જે કારખાનામાં કામદાર-મજૂરો ઉપર દેખરેખ રાખવાનું કાર્ય કરતા હતા તે કાટમાળથી દૂર ટૂંટિયું વાળીને પડ્યા હતા. કારખાનાનો વિસ્તાર ધુમાડાથી છવાઈ ગયો હતો. બે ભાઈઓ તો ધડાકાની સાથે બહાર દોડતા દોડતા રસ્તા ઉપર ગયા. આ બંને ભાઈઓનાં કપડાં સળગતાં જોઈને એક રિક્ષાવાળાએ એમના ઉપર ધૂળ નાખીને આગ ઓલવી નાખી. એ બંને ભાઈઓને રિક્ષામાં બેસાડી હૉસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા.

આ બાજુ શ્રી જસુભાઈ ટૂંટિયું વાળીને પડ્યા હતા. તેઓ 'હરિઃૐ, હરિઃૐ' બોલતા હતા. 'હરિ : ૐ'નું નામસ્મરણ ચાલુ હતું. કારખાનાનો ચોકીદાર જ્યાંથી ચિચિયારીનો અવાજ આવતો હતો ત્યાં જઈને પેલા ચાર ભાઈઓ દટાયેલા હતા એમને એ એકલે હાથે કાઢતો હતો. જ્યારે જસુભાઈ દાઝેલી હાલતમાંયે 'હરિઃૐ, હરિઃૐ' જપતા હતા. એમનું નામસ્મરણ ચાલ્યા જ કરતું હતું. એવામાં ગેબી અવાજ સંભળાયો : "અલ્યા, કેમ પડી રહ્યો છે ? આંખો ઉઘાડ !" જસુભાઈએ આંખો ઉઘાડી. ફરીથી અવાજ આવ્યો : "બેઠો થા, પાછલા રસ્તે ચાલતો જા." જસુભાઈ જેમતેમ કરી લથડિયાં ખાતા પાછલા રસ્તે ચાલતા આવ્યા. શ્રી જસુભાઈ સારી પેઠે દાઝી ગયેલા હતા તેથી બંને હાથ અને મોં ઉપરની બળી ગયેલી ચામડી લબડતી હતી. આ જોઈને રોડ ઉપર ઊભેલા અજાણ્યા બે ભાઈઓ ગભરાઈ ગયા ને રિક્ષા લઈ આવ્યા. જસુભાઈને નજીકની લલ્લુભાઈ ગોરધનદાસ હૉસ્પિટલમાં દાખલ કર્યા. થોડી વારમાં સમાચાર મળતાં તરત જ કારખાનાના શેઠ **શ્રી અતુલભાઈ લેખડિયા તથા જસુભાઈનાં સગાંસંબંધીઓ આવી પહોંચ્યાં.** શ્રી જસુભાઈની આ ગંભીર હાલત જોઈને શ્રી અતુલભાઈ લેખડિયા વગેરે તેઓને ડૉ. સંજય વસાના ખાનગી દવાખાને લઈ ગયા.

જસુભાઈનું શરીર લગભગ સિત્તેર ટકા બળી ગયું છે, આ માણસ જીવે જ નહીં તેથી દવાખાનામાં દાખલ કરવાની ડૉક્ટરે ના કહી. ડૉક્ટરનું કહેવું હતું : 'ખર્ચનો આંકડો મોટો થવા છતાં બચવાની કોઈ આશા નથી. માટે ખર્ચ કરવો નકામો છે.' આ સાંભળીને કારખાનાના શેઠ ઘડીભર સ્તબ્ધ થઈ ગયા પણ તરત જ તેમણે નિર્ણય લઈ લીધો : **ડૉ. સાહેબ, ખર્ચ માટે નાણાંની ચિંતા કરવાની જરૂર નથી, મારે તો આ માણસની જરૂર છે.** એમની પાછળ પાંચ લાખ રૂપિયાનો ખર્ચ થશે તો પણ મને વાંધો નથી.' દાક્તર સાહેબ લેખડિયા શેઠની સામે આશ્ચર્યથી જોઈ રહ્યા. તેથી શેઠે ફરી કહ્યું : **'માણસની જિંદગી બચાવવા માટે રૂપિયાનો ઉપયોગ નહીં કરીએ તો એ રૂપિયાની કિંમત પણ શું ? મારે રૂપિયા બચાવવા નથી પણ માણસની જિંદગી બચાવવી છે.** દાક્તર સાહેબ, તમે જલદીથી જસુભાઈનો કેસ હાથમાં લો અને સારવાર શરૂ કરો.'

દાક્તર સાહેબે જસુભાઈને હૉસ્પિટલમાં દાખલ કર્યા. આમ શુક્રવારની સાંજ સુધીમાં જસુભાઈની યોગ્ય રીતે દાક્તરી સારવાર શરૂ થઈ ગઈ.

આ બધો વખત જસુભાઈ 'હરિઃૐ, હરિઃૐ' કરતા જ રહ્યા. એવામાં એમના સાવ નજીકના દોસ્ત શ્રી અનિલભાઈને જસુભાઈએ કહ્યું : 'જોયું ને, આપણા ગુરુ મહારાજે મને ક્યાંથી ક્યાં લાવીને મૂકી

દીધો ? આ તો કસોટી છે !' આમ કહીને તેઓ 'હરિઃૐ, હરિઃૐ' કરવા લાગ્યા.

શ્રી લેખડિયા શેઠને જસુભાઈ કહે છે : 'પહેલા ત્રણ છોકરાઓ દાઝી ગયા છે તેમની સંભાળ રાખીને સારવાર કરશો. મારા કરતાં એમના પર વધારે ધ્યાન રાખવાની જરૂર છે.' શ્રી લેખડિયા શેઠે કહ્યું કે તમે તેઓની જરાય ચિંતા કરશો નહીં. એમની યોગ્ય સારવાર થાય છે.' જસુભાઈ આ સમયે સભાન અવસ્થામાં પૂરી સ્વસ્થતાથી શેઠ સાથે વાતો કરતા હતા.

જસુભાઈનું શરીર મોટે ભાગે દાઝી ગયું હતું તેમ છતાં એમનો સ્વર અને આંખો સાવ તંદુરસ્ત હતાં. તેથી જસુભાઈ જ્યારે જ્યારે બોલતા ત્યારે એમ જ લાગતું હતું કે જસુભાઈ જરૂરથી બચી જશે.

દાક્તરે સૂચના તો આપી જ દીધી હતી કે એમનાં સગાંવહાલાં અને છોકરાંઓને વહેલી તકે બોલાવી લો. કારણ કે આવા કેસમાં દરદીને સિરિયસ-ગંભીર કરી નાખે એવા ઊથલા વારંવાર આવ્યા જ કરવાના. તેથી જસુભાઈના પુત્ર કીર્તિકુમાર જે અમેરિકા હતા તેમને ટેલિફોન કરીને તાકીદે બોલાવ્યા.

તા. ૭-૧૦-૮૪ને રવિવારે શ્રી અતુલભાઈ લેખડિયાએ પૂજ્ય ભાઈને હરિઃૐ આશ્રમ, સુરતમાં જસુભાઈના સમાચાર અંગેનો વિગતવાર તાર કર્યો. જસુભાઈને વાતવાતમાં કહ્યું કે ભાઈને તમારા સમાચાર તારથી મોકલી આપ્યા છે. આ સાંભળી જસુભાઈએ રાજી થઈને કહ્યું કે, ભાઈને તાર કર્યો તે સારું કર્યું. આ પછી તેઓ શાંતિથી 'હરિઃૐ હરિઃૐ'નું સ્મરણ કરતા રહ્યા.

અતુલભાઈને જોઈને જસુભાઈએ પાસે બોલાવી કહ્યું કે પેલા એક ભાઈ દાઝી ગયા છે. તેમને ત્યાં તેમની પત્નીને પ્રસૂતિ થવાની છે તે માટે મારે તે ભાઈને ઘેર શુક્રવારે રૂપિયા આપવા જવાનું હતું. પરંતુ મારું પાકીટ બળી ગયું છે તો તમે યાદ કરીને વહેલી તકે તે બહેનને રૂપિયા આપી આવજો. એ બહેનને રૂપિયાની ઘણી જરૂર છે. અતુલભાઈએ કહ્યું : હા, હું જરૂર હાથોહાથ આપી આવીશ. તમે નિશ્ચિંત રહેજો.

તા. ૮-૧૦-૮૪ને સોમવારના દિવસે જસુભાઈ બધી રીતે સ્વસ્થ હતા. દાક્તરે ખોરાકમાં પ્રવાહી લેવાની છૂટ આપી તેથી જસુભાઈએ થોડોક ખોરાક લીધો. દાક્તરની દવાઓએ પણ શરીરમાં કંઈક અસર કરી અને જસુભાઈની તબિયતના સુધારા માટે સારી આશા બતાવી. સોમવારે રાતે ઊંઘ પણ સરસ આવી. મંગળવારના સુપ્રભાતે ચા પીને જસુભાઈ વધુ સ્વસ્થ થયા. આ જોઈને બધાને આનંદ થયો કે હવે જસુભાઈ માટે કોઈ ભય જેવું લાગતું નથી, જસુભાઈ જરૂરથી સાજા થઈ જશે.

જસુભાઈ જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતાં ખાતાં ખૂબ સ્વસ્થતાપૂર્વક મધુર કંઠે **'હરિઃૐ'નું સ્મરણ કરતા હતા અને ક્યારેક ભજનો પણ ગાતા હતા.** મંગળવારે બપોર પછી શરીરે ઊથલો ખાધો. પેટમાં ગૅસની તકલીફ થવાથી તેઓ થોડાક બેચેન થતા. દાક્તરને વારંવાર કહેતા કે મને ગૅસ પજવે છે તો ગૅસ નીકળી જાય તેવું કંઈક કરો. દાક્તરે જોયું કે શરીરે પાછો ઊથલો માર્યો છે **તેથી તે અંગેની નવી દવાઓ અને ઇન્જેક્શનો વગેરે લાવવા માટે લેખડિયા શેઠને લખી આપતા અને લેખડિયા શેઠ પડ્યો બોલ ઝીલીને તરત જ દાક્તરે મંગાવેલી દવાઓ હાજર કરી દેતા.** મંગળવારની રાત્રિ સારી જશે કે નહીં એની દ્વિધામાં સૌ કોઈ હતા. આવી સ્થિતિમાં જસુભાઈનાં પત્ની કે બીજા કોઈ સગાંસંબંધીઓ ઢીલાં પડીને આંસુ સારતાં તે જોઈને જસુભાઈ તરત જ કહેતા : 'આ રડવાનો સમય નથી, રડશો નહીં. ભગવાનનું નામ લો.' આમ કહી સગાંસંબંધીઓને સામે ચાલીને આશ્વાસન આપીને શાંત કરતા હતા. જસુભાઈના સ્નેહીજનો સમજી ગયા કે જસુભાઈની ઇચ્છા પ્રમાણે આપણે ઢીલા પડીને રડ્યા સિવાય ખૂબ

જ સ્વસ્થતાથી જસુભાઈ આગળ 'હરિઃૐ'નું નામસ્મરણ કરવું જોઈએ. આથી જે કોઈ વ્યક્તિ જસુભાઈના પલંગ પાસે હાજર હોય તે બધા 'હરિઃૐ'નું નામસ્મરણ કરતા. આ સમયે જસુભાઈનું નામસ્મરણ તો ચાલું જ હતું.

પૂજ્ય ભાઈને કરેલા તારથી જસુભાઈને ઘણો આનંદ હતો તેથી તેઓએ મંગળવારે બે-ત્રણ વખત કહ્યું કે ભાઈનો તાર જરૂર આવશે. જસુભાઈએ તેમના ફૂઆને પૂછ્યું : તેના જ. જવાબમાં ફુઆએ કહ્યું : 'તમે નામસ્મરણ સરસ કરો છો, એ જ ચાલુ રાખો.' જસુભાઈએ ખૂબ સ્વસ્થતાપૂર્વક આનંદમાં આવીને કહ્યું કે, **'ધડાકો થયો ત્યારે જે પ્રકાશ દેખાયો અને ગેબી અવાજ સંભળાયો તે વખતે નામસ્મરણ ઘણું અદ્ભુત હતું. ફુઆ, તમે મારું બહુ મોટું કામ કર્યું. તમે જ મને એક મહાન સંતનો ભેટો કરાવી આપ્યો.'** આમ કહીને તેમણે ફુઆનો હાથ તેમના હાથમાં લઈ પ્રેમથી દબાવ્યો અને ફરીથી 'હરિઃૐ હરિઃૐ'નું નામસ્મરણ કરવા લાગ્યા.

પ્રોફેસર રમેશ ભટ્ટ બારી આગળ બહારથી ઊભા રહીને બોલ્યા : 'જસુભાઈ, હરિઃૐ.' જસુભાઈએ રમેશભાઈને ઓળખીને આનંદથી કહ્યું : 'હરિઃૐ'

મંગળવારે રાત્રે દાક્તરની દોડાદોડ અને ચહલ-પહલ વધી ગયાં. વારંવાર થોડી થોડી વારે દવાઓનાં પ્રિસ્ક્રિપ્શન નવાં નવાં લખાવા લાગ્યાં. શ્રી લેખડિયા શેઠ ખડા પગે હાજર હતા. દાક્તરનાં ઉપરાઉપરી લખાયેલાં પ્રિસ્ક્રિપ્શન પ્રમાણે દવાઓ લેવા માટે મોટરો દોડાવતા. રાતના ૧૨-૧ વાગ્યા સુધીમાં ઘણી જાતની દવાઓ હાજર થઈ ગઈ. પાસે રહેનારા સ્વજનોના હોશકોશ ઊડી ગયા અને ચિંતાતુર બનીને હવે શું થશે એ પ્રશ્નાર્થમાં અટવાવા લાગ્યા. દાક્તરે લેખડિયા શેઠની સૂચનાથી બીજા દાક્તરોની પણ મદદ લીધી. દાક્તરોના જુદાજુદા અભિપ્રાય પ્રમાણે જે કાંઈ દવા-ઇન્જેક્શનો વગેરે મંગાવીને જસુભાઈની તબિયત સુધારવા માટેનો મરણિયો પ્રયાસ દાક્તરોએ ચાલુ રાખ્યો. બરાબર રાતના ૧.૦૦ વાગ્યે જસુભાઈની રૂમનાં બારણાં ખોલી નાખ્યાં અને અતુલભાઈ લેખડિયાને દાક્તરે કહ્યું કે જસુભાઈની બંને કિડની ફેઇલ થઈ છે અને અંદરની System (ક્રિયા) મોટે ભાગે બંધ થતી જાય છે. તેથી દવાઓ કામ કરતી નથી ને દવાઓ પાછી આવે છે. હવે કોઈ પણ જાતની બચવાની આશા નથી તેથી ઘરના સભ્યોને તથા સ્વજનોને જસુભાઈના સમાચાર આપો. આ સમાચાર સાંભળી શેઠ અતુલભાઈ ઘેરા વિષાદમાં પડી ગયા. જોતજોતામાં બે અઢી વાગ્યા સુધીમાં જસુભાઈનાં સ્વજનો ને મિત્રો દવાખાનામાં દોડી આવ્યાં. બધા જ વિષાદની ઘેરી છાયામાં ડૂબી ગયા. સૌ કોઈ ગમગીન બનીને એકીટશે જસુભાઈને જોવા લાગ્યા.

જસુભાઈને પાણીનો શોષ બહુ પડતો હતો તેથી તેઓ વારંવાર પાણી માગતા હતા. દાક્તરના છેલ્લા સંદેશા પછી જસુભાઈ જ્યારે જ્યારે પાણી માગતા ત્યારે એમને ચમચી વડે ગંગાજળનું પાન કરાવતા. ગંગાજળનું પાન કરતાં કરતાં એમની આંખો ઉઘાડી હતી અને જે કોઈ આવે તેમને ઓળખી લેતા. લગભગ આ સમયે એમનાં બહેન બારણા આગળ આવી ઊભાં રહ્યાં. એમને રડતાં જોઈને જસુભાઈએ બહેનને પાસે બોલાવ્યાં ને કહ્યું : 'બહેન, રડશો નહીં, ભગવાનનું સ્મરણ કરો.' પલંગ પાસે સગાંસંબંધીઓ ને મિત્રોનું ટોળું મોટું થતું ગયું. બધાં જ 'હરિઃૐ હરિઃૐ'ની ધૂન મચાવતા હતા. જસુભાઈ પણ હરિઃૐ હરિઃૐ' બોલતા હતા. જસુભાઈ શરીરને ટકાવી રાખવા માટે જબરો પુરુષાર્થ કરતા હતા. સાથે સાથે તેઓ વારંવાર પૂછતા કે કેટલા વાગ્યા ? જવાબ મળતો ૪.૦૦ વાગ્યા. પેટમાં ગૅસની તકલીફને લીધે તેઓ વારંવાર બેઠા થતા, પડખાભેર ઊંચા થતા, પાછા સૂઈ જતા, પાણીની વારંવાર માગણી કરતા ને સાથે સાથે બધાની સાથે અને એકલા 'હરિઃૐ હરિઃૐ'નું રટણ કરતા. આમ

અડધા અડધા કલાકે કેટલા વાગ્યા ? કેટલા વાગ્યા ? એમ કહીને સમય પૂછતા.

જસુભાઈ વચ્ચે એક-બે વખત બોલ્યા : 'ભાઈ તો મારી સાથે જ છે, આજે ભાઈનો તાર જરૂર આવશે.' આમ સુરતથી ભાઈના તારની રાહ જોતા જોતા શરીરને ટકાવી રાખવા માટે તેઓ જબરી મથામણ કરતા હતા. આમ જસુભાઈ કેટલા વાગ્યા છે તેમ વારંવાર પૂછતા. ઘડિયાળનો કાંટો સવારે ૯.૦૦ વાગ્યે આવ્યો ત્યાં ખબર આવ્યા કે પૂજ્ય ભાઈનો તાર આવ્યો છે. જસુભાઈને કહ્યું કે, ભાઈનો તાર આવ્યો છે. ત્યારે જસુભાઈ બોલ્યા : 'ક્યાં છે તાર ?' પછી તરત જ કહ્યું કે, અતુલભાઈ શેઠને ઘેર આવ્યો છે ને તેઓ તાર તરત જ લઈને આવે જ છે.' જસુભાઈએ કહ્યું : 'સારું, થોડું રોકાઈને કહ્યું. હું હવે પ્રભુના આશરે છું.'

બરાબર સવા નવ વાગ્યે તાર લઈને આવ્યા. જસુભાઈ આંખ મીંચીને સૂતા હતા. ભાઈનો તાર એમના કાન આગળ બે વખત વાંચ્યો પણ જસુભાઈ કંઈ બોલ્યા નહીં. તેથી શ્રી કીકાભાઈએ જસુભાઈના કાન આગળ ટુકડે ટુકડે આ પ્રમાણે તાર વાંચ્યો. 'Praying Jashubhai's recovery', સમજ્યા જસુભાઈ ? જસુભાઈએ કહ્યું : 'Lord is merciful' હા, સમજ્યા ? જસુભાઈ ! જસુભાઈએ કહ્યું હા. Have courage સમજ્યા ? જસુભાઈએ કહ્યું : હા. આખો તાર જસુભાઈ તમે સમજ્યા ? જસુભાઈએ જવાબ આપ્યો. હા. આમ તાર સાંભળીને જસુભાઈ ધીમે છતાં ખૂબ ઝપાટાબંધ શાંત થવા લાગ્યા. જોતજોતામાં તેઓ ખૂબ જ સ્વસ્થતાથી પૂજ્ય ભાઈના તારનો સંદેશો સાંભળી એકદમ શાંત થઈ ગયા.

**દાક્તરોએ કેટલાક ઝંઝાવાતો સામે જસુભાઈના જીવનદીપને ટકાવી રાખવા માટે ભારે જહેમત ઉઠાવી. બીજી બાજુ શેઠ લેખડિયા-કુટુંબે ગુલાબની ખૂશ્બૂ કરતાં પણ વધારે મહેંકી ઊઠે એવી માનવતાની ફોરમના પમરાટને વાતાવરણમાં પ્રસરાવી જબરો પુરુષાર્થ કર્યો. અને સ્વજનોએ જસુભાઈ સાથે છેલ્લી ઘડી સુધી હરિઃૐના જાપની માળા ચાલુ રાખી. આ જોઈને પરોક્ષ રીતે પૂજ્ય શ્રીમોટા અને ભાઈ આ પ્રસંગે હાજરા-હજૂર રહ્યા અને મંગળમંદિરનાં બારણાં મંગળવારે ખૂલી ગયા.**

આમ પૂજ્ય નંદુભાઈનો સંદેશો સાંભળી જસુભાઈએ આંખ મીંચીને સંપૂર્ણ સભાન અવસ્થામાં છેક છેલ્લી ઘડી સુધી હરિઃૐનું નામસ્મરણ કર્યું. બરાબર ૧૦.૩૦ વાગ્યે છેલ્લો શ્વાસ લઈ મૃત્યુને ભેટીને મૃત્યુંજય બન્યા. ભગવાને હાજર રહીને એમના આત્માને મંગળ મંદિરમાં પ્રવેશ આપી એ જીવાત્માને સદ્‌ગતિ આપી એમ શાસ્ત્રો અને સંતોનાં વચન ઉપરથી સો ટકા સાચી માની શકાય છે.

દાક્તરોની ગણતરી પ્રમાણે તેમના શરીરની અંદરની System બંધ થઈ ગયા પછી દસ મિનિટ કે અડધા કલાકમાં માણસનું મૃત્યુ અવશ્ય થાય પણ દાક્તરોની ગણતરી પછી દસ કલાક સુધી બિલકુલ સભાન અવસ્થામાં રહી જસુભાઈ દેહને ટકાવી શક્યા એ તો બહુ જ અદ્‌ભુત અને આશ્ચર્યકારક પ્રસંગ છે.

પૂજ્ય શ્રીમોટાએ જાહેરમાં ઘણી વાર કહ્યું છે કે : **"જે લોકો મને જાણે છે અને મળ્યા છે અને જે લોકોએ મને કદીએ જોયો નથી કે જાણ્યો નથી એવા બધાને મારું વચન છે કે તમે મને દિલથી પ્રેમપૂર્વક યાદ કરશો તો હું તમને અણીના સમયે આ શરીર હોવા છતાં જે હું મદદ કરી શકું તેનાં કરતાં પણ વધારે સારી મદદ પરોક્ષ રીતે જરૂર કરીશ."**

જસુભાઈએ છ દિવસ કટોકટીના સમયે મૃત્યુના ખોળામાં સભાન અવસ્થામાં રહી જે કંઈ કહ્યું છે તેમાં પૂજ્ય શ્રીમોટાનો પેલો ગેબી અવાજ પણ આવી જાય સ્વસ્થતાથી સભાન અવસ્થામાં ભગવાનનું નામસ્મરણ કરી શક્યા છે એ પાઠ આપણને પ્રત્યક્ષ આ પ્રસંગથી શીખવા મળે છે.

*('સૌજન્ય : હરિવાણી નવેમ્બર ૧૯૮૪)*

## ૩. શ્રી ઈન્દુકાકાને સ્મરણાંજલિ

શ્રી કાર્તિકેયભાઈ અમીન (યુ.એસ.એ.)

લગભગ ૧૯૬૦ના અરસામાં શ્રી ઈન્દુકાકા એમના સ્થૂળ દેહથી પૂજ્ય શ્રીમોટાના પરિચયમાં આવ્યા ત્યારે તેઓ ત્રીસેક વર્ષના હતા અને મળવાનો હેતુ હતો : મૃત્યુ પામેલા જીવનો સંપર્ક કરી શકાય કે કેમ વગેરેનો હતો ! અને તે સમયે પણ એમને આવા ગુપ્ત, ગુહ્ય અને ગૂઢ, અલૌકિક તત્ત્વવાળા ગહન, રહસ્યમય જગતને જાણવા માટેની પિપાસા, જિજ્ઞાસા કેટલી તીવ્ર હશે એની કલ્પના પૂજ્ય શ્રીમોટાના કોપાયમાન શબ્દો અને સર્જાયેલા વાતાવરણથી સમજી શકાય એવું છે ! તે સમયે પૂજ્યશ્રીના શબ્દોહતા કે : એવા સાંજના ક-સમયે, 'કસમયે'નો અર્થ અયોગ્ય સમયે, ખોટા સમયે, અથવા સમય વગર (Untimely/wrong) પર આશ્રમમાં આવવા વિશેના હતા. આનો વિશેષ પરિચય પૂજ્ય શ્રીનંદુભાઈના આ ગાળાના પત્રથી તારવી શકાય એમ છે. એમણે આ સમયના તંગ વાતાવરણને હળવું બનાવવાનો પ્રયત્ન પણ કર્યો અને પ્રેમથી બીજા દિવસે આવવા જણાવતા નડિયાદમાં રાત્રિ રોકાણ માટેની વ્યવસ્થા વગેરે કરી આપવાની ઉમળકાભેર તૈયારી બતાવી એ પરથી જાણી શકીએ છીએ ! આ પ્રસંગ પણ પૂજ્ય શ્રીમોટા પ્રેરિત દૈવીકૃપાનો જ હશે. એટલે યુવાન ઈન્દુકાકા પણ ધીરજ અને શાંતિથી બીજા દિવસે આવ્યા અને એમના કુતૂહલનું જે કંઈ નિરાકરણ થયું એથી આ પ્રસંગને આપણે શ્રી ઈન્દુકાકાના તે સમયના વર્તમાન જીવનમાં પુનઃ ભગવત પ્રાપ્તિ માટેના પગરણની શુભ યાત્રારૂપ સાકાર થયેલો માની શકીએ. (તેમનો જન્મ ૨૬મી જુલાઈ, ૧૯૩૦, અમદાવાદ અને દેહાવસાન ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬, વોરન, ન્યુ જર્સી, અમેરિકા)

આ સુભગ શરૂઆતથી એમની જે આધ્યાત્મિક યાત્રા પૂજ્યશ્રી સાથે શરૂ થઈ એ આપણે તે અરસાના પૂજ્ય શ્રીમોટાના ગૂઢ અને સાંકેતિક રસમય પત્રો પરથી કરી શકીએ અને જાણી શકીએ કે આ એમનો સંબંધ એને એના મૂળ પરાપૂર્વેના હતા. ને આ યાત્રા હેતુ સભર હતી.

શ્રી ઈન્દુકાકાના પરિચયમાં આવનાર મોટા ભાગના સહુ એમને પૂજ્ય શ્રીમોટાના **'હનુમાન'** તરીકેના બિરુદથી પરિચિત છે, અને એમાં કોઈ અતિશયોક્તિને સ્થાન નથી. કારણ એમની પૂજ્યશ્રી પરત્વેની અનન્ય નિષ્ઠા અને ભક્તિ તો ખરા જ, પણ આ વર્ષોના ગાળાના સંદર્ભમાં શ્રી ઈન્દુકાકા કહેતા કે જ્યારે તેઓ પૂજ્યશ્રીની સ્થૂળ સમીપે હોય ત્યારે એમનું સમગ્ર ધ્યાન પૂજ્ય શ્રીમોટા પરત્વે જ કેન્દ્રિત હોય અને તે સમયે, એમની દિશામાંથી કંઈક અણસાર જેવું પણ લાગે તો એ કહેતા કે; એમની ચાલની લઢણ 'કૂદકો મારીને' દોડતા હોય એવું લાગે ! અને આ સિવાય પણ પૂજ્યશ્રીના અનેક કાર્યો અને સગવડ સાચવણી વ્યવસ્થામાં એકચિત્તે કાર્યરત રહેતા. પૂજ્યશ્રી નંદુભાઈના એક પત્રમાં આ અંગેનો ચિતાર શ્રી ઈન્દુકાકાના વ્યક્તિત્વનો અને આશ્રમના કાર્યમાં એ બંનેની જુદી જુદી જવાબદારીઓની વહેંચણી અને કાર્યદક્ષતાનો ચિતાર, તેમજ પૂજ્ય શ્રીમોટા સાથેના અનન્ય ગૂઢ જોડાણ વગેરેને આપતો ખૂબ જ સરસ દસ્તાવેજ-પત્ર હોય એવી પ્રતીતિ થઈ આવે એવું લાગે. તેમ છતાં માનવ સહજ લાગણીઓ અને પરિસ્થિતિઓના કારણે, ક્યારેક અન્ય કોઈને અથવા પૂજ્યશ્રીના કેટલાક જુના પરિચિતોને રંજ કે દુભાતી લાગણી શ્રી ઈન્દુકાકાની વાણી કે વ્યવહારથી થઈ આવતી અને આવી વાત પૂજ્યશ્રીની સમીપે પહોંચતી પણ ખરી ! પણ તે સમયે પૂજ્યશ્રીનો પ્રત્યુત્તર ખૂબ જ સરળપણે

'એમના-ઈન્દુકાકાના' વિશિષ્ઠ ભાવનો નિર્દેશ કરતો જ હોય ! અને ઈન્દુકાકાને સાંત્વના આપતા કહેતા કે : આખરે વકીલ તો તારો હું જ છું ને !

પૂજ્ય શ્રીમોટાનાં સ્વેચ્છાએ દેહત્યાગ - ૨૩ જુલાઈ, ૧૯૭૬ બાદ, સમયના વહેણ સાથે શ્રી ઈન્દુકાકાએ પૂજ્યશ્રીના વિવિધ આધ્યાત્મિક સાહિત્યનો ઊંડાણપૂર્વક અધ્યયન અને ઘણા બધા પદ્યસાહિત્ય પરનું મનન ચિંત્વન લગભગ કંઠસ્થ થયેલું. એમના પ્રાસંગિક પ્રવચનો અને વાર્તાલાપમાં રસમય રીતે માણેલું છે. આ જીવનયાત્રાના ક્રમમાં, જાણે વર્ષ ૨૦૨૩નો જુલાઈ માસ, શ્રી ઈન્દુકાકા અને જયશ્રીબહેનની જીવનયાત્રામાં જે પરિવર્તન આવવાનું હતું એ માટેની પ્રતીક્ષા કરતું હતું. અને એ એની શુભ ઘડીના આગમન સાથે અમદાવાદમાં એમના 'ગુરુકૃપા' નિવાસસ્થાન પર આવી પહોંચ્યું અને આમ જન્મથી દાયકાઓ સુધી જ્યાં અનેક ગતિવિધિઓ અને જીવનની પ્રગતિના સોપાનનું આરોહણ થયા કર્યા હતા ત્યાંથી અમેરિકામાં એમના બંને પુત્રો સર્વશ્રી હરિભાઈ અને ભગીરથભાઈના વિશાળ પરિવારમાં સ્થાયી થયું. શ્રી જયશ્રીબહેન અને શ્રી ઈન્દુકાકાનું રહેવાનું શ્રીહરિભાઈ અને સોનલબહેનની પુત્રી, ડૉક્ટર્સ પારિજા નીલના પરિવાર સાથે વોરન, ન્યૂ જર્સીમાં આનંદથી ગોઠવાઈ ગયું.

શ્રી ઈન્દુકાકા અને જયશ્રીબહેન અમેરિકામાં કાયમી વસવાટ માટે જુલાઈ, ૨૩માં આવ્યા ત્યાર પહેલાથી જ અહીં હરિઃૐ સત્સંગ કેન્દ્ર, ન્યૂ જર્સીમાં સહુ માટે સારા એવા પરિચિત તો હતા જ, પરંતુ આ આગમન કંઈક જુદા જ પ્રકારનું અનેરું હતું. અહીં આવ્યા બાદ પૂજ્ય શ્રીમોટાના આધ્યાત્મિક સાહિત્ય પરત્વે સત્સંગ કેન્દ્રના સભ્યો વધુ ઉજાગર અને સભાનતાપૂર્વક એને જીવનમાં કેળવે એવી શ્રી ઈન્દુકાકાની ખેવના-ખંત, કાળજી, સતર્કતા અને એક પ્રકારની જવાબદારી હોય તેમ સત્વરે તેવો પ્રયાસ સહજ રીતે શરૂ થયો અને ક્યારેક આ દિશામાં મંદાગ્નિ કે સુયોગ્ય ગતિનો અભાવ દેખાય તો એનો મીઠો આક્રોશ પણ વ્યક્ત કરતા. સાથે સાથે પુસ્તકો મંગાવી વહેંચતા અને સત્સંગ કેન્દ્રમાં અન્ય શું કરવાથી સભ્યોમાં વધુ સભાનતા પ્રગટી શકે એની વિચારણા પણ... તો ક્યારેક, કેટલીયવાર અહીં મૌનમંદિરની વ્યવસ્થા વગેરે કરવાની અને આ અંગે આર્થિક સહયોગ એમની રીતે શક્ય તેઓ કરી શકે એમ છે જણાવતા ! આ બધા કાર્યોમાં દંપતી : સીમા અને તૃષિલ પટેલનો પ્રેમભર્યો સહયોગ, સર્વપ્રકારે **'અમારા એ દાદા'** પ્રત્યે ખૂબ જ સહજતાભર્યો નિરંતર રહ્યા કરેલો અનુભવાય - આપણા એક ખૂબ જ જાણીતા કાવ્યની કડીઓ યાદ કરાવે :

**અમારા દાદા, વિપુલ વડના ઝુંડ સરખા**
**વિશાળ છાયાએ સકલ અમ સંતાપ હરતા,**
**હજારો બાહુઓ પ્રણયમય વિસ્તારિત કરી લઈ.**

**—** કવિ પૂજાલાલ

આમ, આ સર્વ જાણે એમના જીવનના કેટલાક મહત્ત્વના મિશન-જીવનલક્ષ્ય હોય એમ લાગતું. છેલ્લા કેટલાક સમયથી પૂજ્ય શ્રીમોટા વિચરિત 'શ્રી સદ્‌ગુરુ' મહાકાવ્યને કોઈપણ વ્યક્તિ-અભ્યાસુ, એને સરળતાથી અને રસપૂર્વક સમજી શકે અને એની ગહનતાને કંઈક અંશે અનુભવી શકે એ હેતુની વિચારણા કરી શ્રી કાર્તિકેય ભટ્ટ - જેઓ આ માર્ગના ઊંડા અને ખંતપૂર્વકના સાધક-અભ્યાસુ અને ઘણી બધી કૃતિના લેખક છે એમને ૨૦૨૫ના ગાળામાં ખૂબ જ આગ્રહપૂર્વક આ કાર્ય પોતાના જીવનનું એક મહત્ત્વનું કાર્ય ગણીને કરવા માટે વિનંતી કરી. અને તે સમયે શ્રી કાર્તિકેય ભટ્ટ, એમની નાદુરસ્ત તબિયત- જે ઘણા સમયથી અવારનવાર પજવતી હોવા છતાં, પૂજ્ય શ્રીમોટા અને શ્રી ઈન્દુકાકા પરત્વેના પૂજનીય ભાવ અને આદરપ્રેમ હોવાથી આ કાર્યને સ્વ સાધનાના વિવિધ અંગની જેમ, ખૂબ ઊંડાણપૂર્વક એના વિવિધ

પાસાઓની ગહન છણાવટ કરી, એને એટલી જ અનુપમ સરળતા સાથે બનતી ત્વરાથી પરિપૂર્ણ કરી આપ્યું જે સમાચાર માત્રથી શ્રી ઈન્દુકાકાને ખૂબ જ આત્મસંતોષ અને તૃપ્તિ થઈ હોય એમ વ્યક્તકરતા હતા.

પરંતુ, પરમ પૂજ્ય શ્રીમોટા અને નિયતિનું જે કાંઈ આયોજન નિર્મિત થયું હશે એને માન્ય ગણી, જે બન્યું તે પ્રમાણે સહુ જાણીએ છીએ કે શ્રી ઈન્દુકાકાનું દેહાવસાન આ પુસ્તક આવતા પહેલા થયું. પરંતુ શ્રદ્ધાંજલિરૂપેની આ નોંધમાં, પૂજ્ય શ્રી ઈન્દુકાકા વતી, શ્રી કાર્તિકેય ભટ્ટનો ખૂબ જ પ્રેમથી અંતઃકરણપૂર્વકનો ઘણો ઘણો આભાર માનીએ છે. અને અહીં જેમ સહુ છે તેમ આ પુસ્તકની એક પ્રતને પૂજ્યશ્રી ઈન્દુકાકાના દેહના અંતિમસંસ્કાર સમયે કાસ્કેટમાં એમના સુતેલા શરીર પરના હૃદયપ્રદેશ પર પ્રેમથી પ્રાર્થનાસહ ભાવથી અર્પણ કરી હતી. જ્યાંથી તેઓનો જીવાત્મા, શ્રી સદ્‌ગુરુના સમીપે પહોંચવા યાત્રામાં ગતિમાન અવસ્થામાં હશે.

શ્રી ઈન્દુકાકાને સત્સંગ કેન્દ્રના સહુ સભ્યોએ જુદી જુદી રીતે જાણ્યા છે અને એક રીતે કહીએ તો 'માણ્યાને જાણ્યા હતા' અંગત રીતે. નિમિત્તે કરી જીવનમાં પૂજ્ય શ્રીમોટાની કૃપાથી **'હું સર્વત્ર વિદ્યમાન છું',** એ શીર્ષકથી જેનું ઇંગ્લીશમાં ભાષાંતર કરવાનું મારે સહભાગી બનવાનું થયું તે મેં સ્વપ્નમાં પણ કલ્પ્યું નહોતું. જો પૂજ્ય શ્રીમોટાના અનન્ય નિમિત્તરૂપે શ્રી ઈન્દુકાકાએ જે પ્રેમથી મારી દરેક ત્રુટિઓને માન્ય કરીને મારી પ્રત્યેક છટકબારીને મસ્તીખોર નવા બાળકને ક્યારેક બાલમંદિરમાં પ્રેમથી પોષે તેમ, બધું સ્વીકારી અને પ્રેમથી 'હકાર જ' આપ્યો હતો અને એવો જ એમનો છેલ્લો સંદેશ એમના શરીરના નિકટના સ્વજનોને મહાપ્રયાણના આગલી રાત્રે એટલા જ પ્રેમથી આપ્યો હતો. એવા પૂજ્ય શ્રીમોટાના પ્રિયપાત્ર શ્રી ઈન્દુકાકાને ખૂબ ખૂબ પ્રેમપૂર્વકના પ્રણામ.

હરિઃૐ તત્સત.

## 'હરિઃૐ ગુંજન' દ્વિમાસિકની માહિતી


(ફોર્મ નં. ૪, રૂલ નં. ૮)

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રકાશનનું સ્થળ | : | હરિઃૐ આશ્રમ, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭ ૦૦૧ |
| ૨. | પ્રકાશનનો સમય | : | દ્વિમાસિક |
| ૩. | મુદ્રકનું નામ | : | રાજેન્દ્રભાઈ બી. રાવલ (હરિઃૐ આશ્રમ, નડિયાદ ટ્રસ્ટ વતી) |
| | રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સરનામું | : | ઉપર મુજબ |
| ૪. | પ્રકાશકનું નામ | : | રાજેન્દ્રભાઈ બી. રાવલ (હરિઃૐ આશ્રમ, નડિયાદ ટ્રસ્ટ વતી) |
| | રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સરનામું | : | ઉપર મુજબ |
| ૫. | તંત્રીનું નામ | : | રાજેન્દ્રભાઈ બી. રાવલ (હરિઃૐ આશ્રમ, નડિયાદ ટ્રસ્ટ વતી) |
| | રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સરનામું | : | ઉપર મુજબ |
| ૬. | માલિકનું નામ | : | હરિઃૐ આશ્રમ, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭ ૦૦૧ |

હું રાજેન્દ્રભાઈ બી. રાવલ આથી જાહેર કરું છું કે, ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૩૧-૩-૨૦૨૬ **રાજેન્દ્રભાઈ બી. રાવલ**
નડિયાદ પ્રકાશકની સહી
હરિઃૐ આશ્રમ, નડિયાદ વતી

**આ રીતે મન રસાતાં અને એકાગ્ર થતાં માનસિક મૌનની પ્રક્રિયામાં પ્રવેશી શકાય.** આપણે દિવસ દરમિયાન બોલીને કેટલી શક્તિ વેડફી દઈએ છીએ એનો આપણને ખ્યાલ નથી. વાચિક મૌનને ઉચ્ચ કક્ષાએ કેળવવા માટે પણ આપણે મનનો આશ્રય લેવો પડે છે. શ્રીમોટા **'મનને'**માં મનની સાથે કેવી સમજાવટ કરે છે જે જાણવા જેવી છે :

***'અરે ! વેડફી દૈશ ના શક્તિ તારી,***
***નકામું ન બોલીશ, રે' મૌન ધારી;***
***વૃથા બોલીને લાભ શો મેળવે છે ?'***
***અને ગાંઠનું ગર્થ શાને ખુએ છે ?'***

મૌન ન કેળવવાથી આપણે 'ગાઠનું ગર્થ' ખોઈએ છીએ. ''ગાંઠનું ગર્થ'' એ માર્મિક શબ્દપ્રયોગ છે. **જે શક્તિ આપણી પોતાની પાસે સચવાઈ શકે એવી છે અને યોગ્ય સમયે આપણને ખપમાં આવે એવી છે એને આપણે નકામું બોલીને વેડફીએ છીએ.** આ રીતે આપણે મન સાથે વાત કરીને માનસિક મૌન માટેની તૈયારી કરીએ છીએ. મન સાથે વાત કરવા માટે આપણે જાણે મનથી અલગ હોઈએ એવો અનુભવ પણ રહે છે. આથી આગળ શ્રીમોટા લખે છે કે :

***'રખે વાદ-ડાચાકૂટે' તું ભૂલીને-***
***-ગુમાવી ન બેસે ખરું તત્ત્વ જો જે ;***
***બધી વ્યર્થ શંકા થતી તે તજી દૈ,***
***હૃદે નામ વિશ્વાસ શ્રદ્ધા થકી લે.***

માનસિક મૌન- કેળવવા માટે તેઓશ્રીએ ઉપાયો દર્શાવ્યા છે. આપણો સૌનો અનુભવ છે કે આપણે વાતચીત દરમિયાન બીજા કોઈ વાત કરતા હોય અને એ વાત પૂરી કરે એ પહેલાં તો આપણી વાત કહેવા આપણે સામાની પૂરી વાત સાંભળતા નથી. સામી વ્યક્તિ બોલતી હોય એ દરમિયાન આપણું મન પણ બોલ્યા જ કરતું હોય છે. **આવી પળે 'આપણું જ ઝૂડયે રાખવાની' મનની ટેવને વિજયી ન બનાવવી અને સામાની વાતને ધ્યાનથી સાંભળવી - એ માનસિક મૌન કેળવવાની રીત છે.** પોતાની જ વાત સાચી છે એમ ઠસાવવાનું મનનું વલણ હોય છે. એમાં એક પ્રકારનો અહમ્ છે. આ અહમ્ વાદ-વિવાદ ઉપજાવીને પોતાનો કક્કો ખરો કરવા મથે છે. આથી શ્રીમોટા કહે છે કે :

***'રહે લિપ્ત નાદંભ, વાદે-વિવાદે,***
***સદા વાદ-વિવાદથી દૂર રે' જે;***
***અહંતાથી છે વાદ નાના વિકારી,***
***ક્રિયાવિણ વાચાળતા છે નકામી.'***

જે પ્રમાણે મન વિચારે છે અને વાણીથી એ વ્યક્ત થાય છે એ જ ભાવનાથી એ આચરણ થતું નથી. **આથી વાચિક અને માનસિક મૌનની કેળવણી માટે મન અને વાણીના ભાવને કર્મમાં ઉતારવાની ભાવના રાખવી અને એ પ્રમાણે વર્તવું એ ઉત્તમ ઉપાય છે.** એ પ્રમાણે વર્તાતું ન હોય તો એવા વર્તન માટે પ્રભુને પ્રાર્થના કરવી અને એવી પ્રાર્થના દ્વારા મનવાણીને પ્રભુ પ્રત્યે વાળવાં. આરતીમાં સૌથી પહેલી વાત આ જ કહી છે : **'મન વાણીના ભાવો કર્મ વિષે ઊતરો.'**

આથી ધ્યેયથી વિરુદ્ધ આચરી ન શકાય અથવા તો આચરવું શક્ય ન હોય એ અંગે મન વિચારતું હોય તો એ વિચારોને વહી જવા દેવા જોઈએ. એ **વખતે મનની સાથે વાત કરવી** જોઈએ કે, **'જો ભઈ, આ બધું આપણા ધ્યેયને અનુરૂપ નથી. માટે આવું વિચારવું યોગ્ય નથી.** '-આમ મનથી અલગ થઈને એ વિચારને અહમ્‌નો સ્પર્શ થવા ન દવાના અભ્યાસથી મન શાંત થાય છે. ક્યારેક મન

ભવિષ્યમાં બનનાર ઘટનાની કલ્પનાઓથી પણ અશાંતિ અનુભવે છે. **ભવિષ્ય માટે જે કંઈ કામ ગોઠવ્યું હોય અને એનો તત્કાળ વિચાર કરવાની અનિવાર્યતા ન હોય તો એ અંગે વિચાર ન કરવા. જ્યારે એ પ્રકારનું કામ કરવાનો સમય આવે ત્યારે એનો વિચાર કરવો.** અલબત્ત ભવિષ્યમાં થનારા કાર્ય માટે કે ઊભી થનારી પરિસ્થિતિને પહોંચી વળવા આયોજન કરવું હોય તો કરવું, પરંતુ એની કલ્પનાઓ ન કરવાથી મન શાંત પડે છે. ત્રીજું, મન તરંગો ખૂબ કરે છે અને પોતાના વિચારક્ષેત્રની મર્યાદાની બહારના વિચારો કરે છે અને એમાં માથું માર્યા કરે છે. **માનસિક મૌન કેળવવા માટે આપણા જીવનધ્યેયને અનુરૂપ આપણા કાર્યપ્રદેશની મર્યાદા નક્કી કરી લેવી. એની બહારના ક્ષેત્રના વિચારો, તરંગોને જરાય મચક ન આપવી.** બીજાઓએ વિચારવાનું આપણે ન વિચારવું. આથી આપણા મનમાંથી ઊભા થતાં સૂચનો અટકી જશે. **જે બની શકે એમ ન હોય એવા વિચારને તો સહેજ પણ ટેકો ન આપવો. 'ફલાણાએ આમ કરવું જોઈએ' 'વડાપ્રધાને આવો જવાબ આપવો જોઈએ' રસ્તા પરનાં પાટિયાં આવાં કેમ છે ? - આવાં તરંગોથી મનને થકવવું નહિ.**

આવા રોજિંદા અભ્યાસથી માનસિક મૌન કેળવાય છે. શ્રીમોટા આ કાર્ય માટે કેવી રીતે મથ્યા છે એ દર્શાવતાં લખ્યું છે કે -

***'વિચારો ગમે તે સ્ફુરે તે થવા દૈ-***
***ઊંડું સ્પર્શવા ના દઈ, તેમને હું-***
***અને એમની છાપ સ્હેજે લગારે-***
***રહેવા ન દેવા મથું ને મથાવું.'***

આ રીતે મનને જીવનવિકાસના કાર્ય માટે સાથે રાખવાનું છે. આ સાધના છે. આ ખરો પુરુષાર્થ છે.

શ્રીમોટાએ સાધનાના આરંભમાં શું અનુભવ્યું અને એ પરથી મનમાં કેવાં દર્શન થયાં-એ હકીકત નોંધપાત્ર છે.

'સને ૧૯૨૨ની શરૂઆતથી શ્રીપ્રભુકૃપાથી જીવનના ઉચ્ચતમ ભાવનાના વિકાસ પરત્વેની દિલમાં દિલથી દિલની અભિમુખતા પ્રગટી, ને ત્યારથી મનની અનેકને આડીઅવળી મથામણો, મંથનો ને કેટલાય સંગ્રામનાં અવનવાં દર્શન થયે જતાં, ને તેનું ક્રિયાશીલ, જાગૃત ગતિશીલ તટસ્થતાપૂર્વક પૃથક્કરણ થયા જતું, ને મનનું સંઘર્ષણ અનેક પ્રકારે અનેક પાસાઓમાં ને ક્ષેત્રોમાં, કર્મમાં ને જીવન વ્યવહારમાં પ્રકટતું જતું; પરંતુ તેનો સુમેળ જીવનની ઉચ્ચતમ-ક્ષેત્ર-ભાવનામાં કેમ કરીને પ્રકટાવવો, કેળવાવવો, ને તેને જીવંતપણે ભાવનાના પ્રદેશમાં સક્રિયપણે જાગ્રત થઈ, તેનો સર્જનશીલ સમન્વય સધાય-એવો પ્રભુકૃપાથી સતત જાગૃત ચેતનવંતો-પ્રયત્ન થયે જતો હતો.

તે કાળે તે આ જીવનો તે એક ભારે સંગ્રામનો તબક્કો હતો. મનનો ગુરુ મન બને ને તે પણ યથાર્થપણામાં, તો જ જીવનવિકાસના ભાવમાં ભારે વેગ પ્રગટ્યા જાય, ને જીવનવિકાસ પરત્વેનો ઝોક આપમેળે ઊગીને તેને ગતિશીલ, ક્રિયાશીલ ને સર્જનશીલ થયે જવામાં પ્રેરણાન્વિત થતો જતો અનુભવાતો હતો. **એવા તે જીવનના તબક્કામાં આ 'મનને'નું જોડકણું મનને સમજાવવા, કેળવવા ચેતાવવા, જાગૃત થવા ને જીવનવિકાસ પરત્વેની મનની સાચી ઉત્કટમાં ઉત્કટ અભિમુખતા પ્રગટે-તેવો તેનો જ્ઞાનભક્તિપૂર્વકનો હેતુ હતો.'**

*'મનને' આવૃત્તિ : સાતમી*

*પૃ. ૧૨-૧૩*

મનના સ્વરૂપનો ટૂંકમાં, છતાં સ્પષ્ટ ખ્યાલ આપતા શ્રીમોટાએ લખ્યું છે કે,

'મન પણ અનંત છે ને એનાં પણ અનેક પાસા છે, ને મનને જીવનવિકાસના ક્ષેત્રમાં આપમેળે

**અનુસંધાન પાના નં. ૨૪ પર**

## કર્મનું મૂળ

**કર્મનું મૂળ આપણું ચિત્ત છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ પાંચ આપણા શરીરનાં કરણો છે.** જે કંઈ વિચાર આવ્યો - માનસિક જે મોંઢાથી વ્યકત ના કર્યો હોય - તેમ છતાં તે તમારા ચિત્તમાં સંગ્રહાઈ ગયો. **જે કંઈ તમે બોલ્યા, ચાલ્યા, વર્ત્યા, વાતચીત થઈ, કર્મ કર્યું, કોઈની સાથે સંબંધ થયો, લઢવાડ થઈ, કોઈ સારું બોલ્યાં, ખોટું બોલ્યા, ગમે તે થયું. કોઈપણ જાતનું કારણ, સૂક્ષ્મ અને સ્થૂળ, એ ત્રણે જાતનું તમારું બોલવાનું થયું અથવા કર્મ કરવાનું થયું તે બધુંજ ચિત્તમાં જાય. ચિત્ત ઓપન કેમેરા છે. એમાં બધું સંગ્રહાઈ જાય એને કહે છે, 'આપણા સંસ્કાર'. એ સંસ્કાર ચિત્તમાં પડયા એ કાળે કરીને ઉદયવર્તમાન થાય. ઉદય વર્તમાન એટલે કે અંદરથી બહાર ઊછળીને આવે. બહાર આવે એટલે એને વૃત્તિ કહે. એ વૃત્તિ બહાર આવી એટલે એકશનમાં મૂકાય, એ કર્મનું મૂળ. કર્મનું મૂળ આ.**

## કર્મ, વૃત્તિ અને સંસ્કાર પર આધારિત છે

એ બહાર આવ્યું એટલે જે પ્રમાણે વૃત્તિનું કે વિચારનું કે ભાવનાનું કર્મ હોય, તે તે જ ચેનલમાં તે કર્મ કરતું થાય. બીજી રીતે એ કર્મ વર્તી જ ન શકે. **તેવી રીતે ચિત્તમાંથી ઊઠેલા સંસ્કારો એ વૃત્તિ રૂપે બહાર સ્ફૂર્યા અને કર્મનું સ્વરૂપ લીધું. એ કર્મ-વૃત્તિ કે પેલા સંસ્કારને આધારે જ કામ કરવાનું. કર્મ સ્વતંત્ર નથી. વૃત્તિ અને સંસ્કાર ઉપર આધારિત છે.**

## કર્મ કોને કહેવાય ?

**અજ્ઞાનમાં રહીને થતાં જતાં કર્મ તે કર્મ જ ન કહેવાય. તેમ જ અહંતાથી કરીને જે કર્મ થયાં જતાં હોય તે પણ કર્મ ન ગણાય. એવાં કર્મો તો બીજાં અનેક કર્મોનાં બંધનો જન્માવનારાં બને છે. એવાં કર્મ વડે કરીને જીવદશા વધારે ઘેરી બનતી જાય છે. નથી એમાંથી શાંતિ, સમતા, પ્રસન્નતા આદિ સાંપડી શકતાં કે નથી સાચું સુખ કે આનંદ મેળવી શકાતાં. સાચી રીતે કહીએ તો, સંસાર-વહેવારનાં, જે તે બધાં કર્મો, જીવ પોતાના અહંકારને પોષવા અથવા તો કર્મ મમતા, મોહ, લોભ, કામ, ક્રોધ, રાગ, મદ, દ્વેષ, ઈર્ષા, અસૂયા, લાલસા, કામના, આશા, ઈચ્છા, તૃષ્ણા આદિ વૃત્તિઓથી પ્રેરાઈને જ જે તે બધું કર્યા કરતાં હોય છે. એવા, એવા, અનેક પ્રકારના આવેશ, આવેગ અને હુમલાઓને વશ થઈને ન છૂટકે પણ જીવ કર્મ કર્યા કરતો રહે છે, તે પણ કર્મ નથી.** આપણે જે રીતે ને જે ભાવે કર્મ કરવાનાં છે, **તેમાં સાચી રીતે તો મુદલે અહંતા ન હોય એજ ઈષ્ટ ને યોગ્ય ગણાય. તેમાં પ્રાણનાં પ્રાકૃતિક લક્ષણો ન હોય. તેમજ નીચલા મનના વિચારો આદિથી યુકતપણ તે ન હોય, તેવાં કર્મો પણ, શ્રીપ્રભુપ્રીત્યર્થે જ, જ્ઞાનભકિતપૂર્વક થયાં કરેલાં હોય, સમર્પણયજ્ઞમાં આહુતિરૂપે હોમાયેલાં હોય, તોજ તે કર્મ ગણી શકાય,** આવાં કર્મમાં ભકિત ને જ્ઞાનની પણ તેટલી જ જરૂર હોય છે. એવાં કર્મો ભકિત ને જ્ઞાનની મદદ વિના થવાં કદી શકય પણ નથી હોતાં. *(૩ જીવનસોપાન, ૧૮૪-૧૮૫)*

## કર્મનો ખરો કર્તા કોણ છે ?

**જીવ પોતાને કર્મનો કર્તા માને છે. પરંતુ વાસ્તવિક રીતે તો કર્મ થવાને કાજે જીવ એ તો ગૌણ કારણ અને કરણ છે.** જો વાસ્તવિક રીતે કર્મનો કર્તા જીવ પોતે એકલો જ હોય તો તો તે ધારે તે કરી શક્યો હોત. **કર્મનાં બનવાનાં કે થવાનાં ઘણાં કારણો અને કરણ છે.** તેથી કર્મનો આધાર એકલા જીવ પર રહેલો નથી. **પરંતુ જીવની અહંતાભરેલી પ્રકૃતિ તેને સમજાવે છે કે કર્મનો આધાર એકલા એના ઉપર છે અને તેવી રીતે તેને મનાવે છે ને તેવી રીતે તેને વર્તાવે છે.** એટલે, આમ વિચારતાં કર્મ બનવામાં કે ન બનવામાં જે જીવ માત્ર પોતાની અહંતા રાખ્યા

કરતો હોય છે, તે તો સાવ મૂર્ખ, અજ્ઞાની છે. વ્યવહારમાં જેટલો પુરુષાર્થ નથી શોભતો તેટલો તે પરમાર્થમાં શોભે છે; તેથી પોતે પોતાનું વિચારવાનું જે જીવ સતત કર્યા જ કરે છે, એને સ્વરૂપની પ્રાપ્તિના સમજણના ઘરમાં પ્રવેશવાનું મળવાનું છે. **કર્યા વિના કોઈ પામી શકતું નથી. ગયા વિના જઈ શકાતું નથી.** માટે જે બાબતમાં જવું છે . જે બાબતને જાણવી છે, જેને પામવું છે, તેને સકળ કર્મ-વ્યવહાર-સંબંધ-વર્તનમાં જીવતો ખ્યાલ રાખ્યા કરી એનું જ ચિંત્વન-મનન-હૃદયથી જ્ઞાનભકિતયોગપૂર્વક એક ધારું રહ્યાં કરે એવો જીવતો અભ્યાસ જે જીવ કેળવી શકશે તેવો જીવ જ સાચી રીતે સમજતો થવાનો છે. *(૩ જીવનપ્રવેશ, ૧૫૭-૧૬૦)*

## પ્રસંગ આપણો ગુરુ છે

**કોઈ પણ પ્રકારનાં કર્મ કરતાં કરતાં આપણાં મનની ભાવના શ્રીભગવાનના ચરણકમળની આસકિતમાં પરોવાયેલી રહ્યા કરે કે લગન રહ્યાં કરે, તો ગમે તેવું કર્મ તે કર્મબંધન નથી પણ જીવને તારનારું છે તે નક્કી સમજવું. જેટલો (ભાવ) સમય ઉત્તમ પ્રકારની ભાવનાના વર્તનમાં ગળાયો તેટલો સમય આપણે સાચી રીતે જીવ્યા તે પણ નક્કી છે.** કોઈનાયે વિચારો ઉપજતાં, ત્યાં ત્યાં તે તે વેળા અટકી જવાનો માર્ગ શોધી કાઢવો. **પ્રસંગ એ આપણો ગુરુ છે.** જીવનમાં બનતાં પ્રસંગમાંથી, જે જીવ પોતાના માર્ગનું નવું ભણતર શીખી લે છે, તેને તે માર્ગની આવડત વધે છે. *(૩ જીવનસોપાન, ૧૩૦)*

## કર્મમાં પોતાના સ્વરૂપને મહત્ત્વ

**કર્મના સ્વરૂપને મહત્ત્વ આપ્યા વિના, જે પોતાના સ્વરૂપને મહત્ત્વ આપ્યાં કરીને કર્મમાં પરોવાનું રાખે છે, તેને જીવનમાં કર્મ માત્ર એક સાધન તરીકે લાગે છે.** કર્મમાં તેનો જીવ રહેતો નથી. કર્મ કરતો હોવા છતાં તેનો જીવ તો, તેના પોતાના સ્વરૂપમાં રહ્યા કરતો હોય છે. કર્મમાં જે પોતાના સ્વરૂપ વિષેનું ચિંત્વન રાખ્યાં કરે છે, તેનું કર્મ યથાયોગ્યપણે નહિ થાય એમ માનવાને કેટલાક પ્રેરાય છે. પરંતુ એ વાતો બધી મિથ્યા છે. **કરી જોયા વિના, પ્રયોગ કર્યા વિના, કેવળ માનસિકપણે એવા તુક્કા જે જીવ ઉઠાવે છે, તે જીવને કર્મમાં પોતાના સ્વરૂપના ચિંત્વનની લગની લગાડવાનું મન થયું જ નથી એમ માનવું ને એમ જાણવું.**

## પ્રત્યેક કર્મમાં તેના હેતુનો ખ્યાલ રાખવો જરૂરી

જીવનના સાધકે આ બાબતમાં સંપૂર્ણપણે જાગ્રત થઈ જવું પડશે. **ગમે તેમ કર્મ કર્યે એને ચાલવાનું નથી. પ્રત્યેક કર્મમાં જાગૃતિપૂર્વકનો તેના હેતુનો ખ્યાલ તેને જન્મવો જોઈશે. એમ કરતાં કરતાં તે પ્રકારની અખંડિત જાગૃતિ તેનામાં પ્રગટવી જોઈશે. તેવી સતત એકધારી પ્રગટેલી જાગૃતિ પછી તો તેના અનાયાસપણામાં પ્રગટી જશે.** આમ ન બન્યું હોય ત્યાં સુધી, સાધકે સતત જાગ્રત પ્રયાસમાં રહેવું જોઈશે. કોઈક વાર નીચી ભૂમિકામાં ઊતરી પડાય તો તેવી ભૂમિકામાં હોવા છતાં પણ, પોતાની પ્રગટેલી ઉચ્ચ સ્થિતિની જ્ઞાનપૂર્વક ભાવના પ્રકટાવી પ્રકટાવીને; તેને કેટલી જળવાઈ રખાય છે તથા પોતે જે સ્થિતિમાં ઊતરી પડ્યા છીએ, તેનાથી પર રહીને પણ ત્યાંનાં થવાનાં કર્મો પોતે કેવી રીતે કરે છે તે જોવાની ઉત્તમ તક એને એવી નીચલી ભૂમિકામાંથી મળે છે અને તેથી કરી તેવી તેવી સ્થિતિમાંથી પોતાની યોગ્ય સમજણ કેટલી પાકી થઈ શકી છે અને પોતે કળણમાં ઊભો હોવા છતાં તેમાં તેનામય નથી થઈ જતો. એટલું જ નહિ પરંતુ તેવી નીચલી દશાના પ્રવાહના વહેણમાં તણાઈ ન જતાં, તેનાથી ઉચ્ચતર ભૂમિકાના ભાવથી પોતે કેટલા પ્રમાણમાં વર્તી શકે છે, તેનો જ્ઞાનપૂર્વકનો અનુભવ તેને તેવી દશામાંથી થાય છે. આવો અનુભવ સાધકને થવો ઘણો જરૂરનો છે. સાધકની પ્રત્યેક ભૂમિકા નક્કર અનુભવની સમજણ અને પરિણામ ઉપર રચાયેલી હોવી ઘટે.

**કર્મનો હેતુ મનની તુલા સ્થિર રાખવાનો ઘટે**

**આપણને અધિકાર છે માત્ર કર્મ કરવાનો અને તે કર્મ પણ એવી રીતે કરવાનું છે, કે, તે કર્મ કરતી પળે, મનમાં આમ કે તેમ, કોઈ પણ પ્રકારના દ્વિધાભાવ કે અન્યથાપણાના વિચારો પ્રગટવા ન ઘટે.** કર્મને જીવનહેતુના ભાવને લક્ષમાં રાખીને કર્યા કરવાનું છે. **આપણને જે કંઈ સૂઝ્યું છે તે કર્યા કરીએ ને એમાં જ બધું લક્ષ ને બધી શકિત પરોવીએ એટલું જ આપણે માટે યોગ્ય છે ને એ પૂરતું છે. કર્મના પરિણામનો ખ્યાલ રાખવા કરવાથી તો, ખોટી અધીરાઈ પ્રગટે છે ને એ તો મનની વિહ્‌વળતા ને ચંચળતાનું એક લક્ષણ છે. જ્યારે આપણો હેતુ તો મનની તુલા સ્થિર રાખવાનો છે.**

*(સંસાકર વિચાર કર્મ વિશે, પ્ર. આ. પૃ, ૫૪ થી ૫૭)*

## ગયેલા આત્માને હૃદયસ્પર્શી શ્રદ્ધાંજલિ

(૧) સ્વ. અક્ષય દતા મહા. રહેવાસી અમદાવાદ તા. ૧૮-૦૨-૨૬ના રોજ દેહાંત થયેલ છે. સ્વ. અક્ષયભાઈના પિતાશ્રી દત્તા મહા પૂજ્ય શ્રીમોટા સાથે સાબરમતી ખાતે હરિજન આશ્રમ, અમદાવાદ ખાતે રહેતા હતા.

(૨) સ્વ. વિનોદભાઈ નટવરભાઈ સુથાર. ગામ- સામરખા (હાલ આણંદ) તા. ૨૬-૦૩-૨૦૨૬ને ગુરૂવારના દિવસે હરિશરણ (પૂજ્ય શ્રીમોટાના શરણ) પામ્યા છે. તેઓશ્રી અનેકવાર દીર્ઘકાળ સુધી મૌન મંદિરનો લાભ લઈને પૂજ્ય શ્રીમોટામાં ઊંડી આત્મીય શ્રદ્ધા ધરાવતા હતા. તેઓ સરકારમાં તલાટી તરીકેની નોકરી નખશિમ પ્રમાણિકતાથી, ખંત અને ચીવટથી તેમજ કર્મ પ્રત્યે સભાન રહીને સભાનતા પૂર્વક સંપૂર્ણ નિષ્ઠાથી ફરજ બજાવતા હતા. શ્રીહરિ મોટા ગતાત્માને શ્રેય અને કલ્યાણ પ્રેરે અને તેમના ચરણમાં શરણુ આપે તેવી ભાવનાપૂર્વક હૃદયથી પ્રાર્થના.

(૩) સ્વ. ઓચ્છવભાઈ શાહ, રહેવાસી વડોદરા તા. ૭-૩-૨૦૨૬ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તેઓ ગુડલક પેઈન્ટસ અને ઉષા પેઈન્ટસ નામની બે કંપની ચલાવતા હતા. તેમજ આશ્રમને તેની મુજબની પૂર્તતા કરતાં હતા. તદ્‌ઉપરાંત સ્વ. ઓચ્છવભાઈએ પૂજ્ય શ્રીમોટાના બે ઉત્સવો રંગેચંગે વડોદરા ખાતે ઉજવેલ હતા.

(૪) સ્વ. અતુલ ઈન્દ્રવદન (કુનાલ ગ્રુપ ઑફ કંપનીઝ), ધર્મપત્ની તા.૧-૩-૨૦૨૬ને સોમવારના રોજ અમદાવાદ ખાતે અક્ષરનિવાસી થયા. તેઓના ધર્મપત્ની સ્વ. કલ્પનાબેનના તા. ૫-૧૧-૨૦૨૪ના રોજ આકસ્મિક દેહાવસાન બાદ અતુલભાઈની તબિયત પણ સારી રહેતી નહતી. ડૉક્ટરોની ઘનિષ્ઠ સારવાર બાદ મળતી હોવા છતાં પણ અતુલભાઈનું સ્વાસ્થ્ય સાથ આપતું ન હતું.

શ્રી અતુલભાઈને પૂજ્યભાઈ શ્રી નંદુભાઈ સાથે ખૂબજ ગાઢ પરિચય હતો અને તેઓ અવારનવાર હરિઃૐ આશ્રમ, નડિયાદ તેમજ ત્યારબાદ નંદુભાઈના એકાંતવાસ દરમ્યાન વલ્લભ વિદ્યાનગરના રહેઠાણે અચૂક જતા અને તેઓશ્રીનું માર્ગદર્શન મેળવતા.

એક વખત અતુલભાઈએ ધંધાની કામગીરીમાંથી નિવૃત્તિ લેવા માટે શ્રી નંદુભાઈને પૂછ્યું ત્યારે તેઓને ૬૫ વર્ષની ઉંમર પછી નિવૃત્ત થવાનું જણાવેલ તદ્‌અનુસાર તેઓની ઉંમર મને ચોક્કસ ખ્યાલ નથી પરંતુ દેહોત્સર્ગ વખતે તેની આસપાસ હશે.

શ્રી અતુલભાઈએ હરિઃૐ આશ્રમને અનેકવાર વગર માંગે દાન આપેલ છે. છેલ્લે તેઓને આશ્રમનો ગેટ બનાવી આપવાની ઈચ્છા હતી અને તદ્‌અનુસાર તેઓએ ગેટ અઢાર ફૂટ ઉંચો મજબૂત લોખંડના માળખાવાળો તૈયાર કરાવી દીધો. આ ગેટ હવે અતુલભાઈની કાયમી યાદગીરી આપતો રહેશે.

શ્રી અતુલભાઈનો આત્મા શ્રીહરિ મોટા અને ભાઈશ્રી નંદુભાઈની નિશ્રામાં બિરાજમાન રહે તેવી અમારી હૃદયથી પ્રાર્થના.

(૫) હસુમતીબેન અરૂણકુમાર પટેલ, અમદાવાદ તા. ૮-૩-૨૦૨૬ના રોજ દેહાંત પામેલ છે.

(૬) યશવંતભાઈ કાલોત્રા અમદાવાદ નિવાસીનું તા. ૧૭-૦૩ૠ-૨૦૨૬ના રોજ દેહાવસાન થયેલ છે.

**શ્રીહરિ મોટા સર્વે ગતાત્મત આત્માઓને શ્રેય અને કલ્યાણ પ્રેરે અને તેઓના ચરણમાં શરણ આપે તેવી હૃદયથી પ્રાર્થના**

## ૬. માનવી - જીવનનું શ્રેષ્ઠ ધ્યેય

– પૂજ્ય શ્રીમોટા

**આપણા જીવનનું-મનુષ્યમાત્રના જીવનનું-ધ્યેય શ્રીભગવાનના ભાવનો અનુભવ કરી એનામય બની જઈને એના યંત્ર બની જવું. ને પછીથી એ જેમ ચલાવે તેમ ચાલવું, ને એમ પાછું અનુભવ્યા કરવું (હૃદયથી) એ જ (ધ્યેય) હોવું જોઈએ એમ મને પોતાને તો લાગે છે. દરેક જણે પોતાનું જીવનધ્યેય નક્કી કરી લેવું ઘટે. ને નક્કી કર્યા પછી આપણી સર્વ શક્તિ તેની પાછળ ખર્ચી દેવાની રહે છે. સતત પુરુષાર્થ, એ જ લઢણ, એ જ રટણ, એ જ સર્વસ્વ, એવી ધૂન પેદા કરવાની રહે છે.** એટલે તમારી વૃત્તિ કે પ્રકૃતિ પ્રમાણે કયો માર્ગ તમને ગમશે તે તમારે નક્કી કરી લેવાનું રહે છે. જો કર્મમાર્ગ દ્વારા તમને રુચતું હોય તો ઉપર કહ્યું તે પ્રમાણે કરવાનું રાખો; જો કે કર્મમાર્ગનો હાલ લોક જે અર્થ કરે છે તેવો તે ક્ષુલ્લક નથી. **ભાવ-ના મૂળ પાયા પરથી જે કર્મ યજ્ઞભાવે થયાં કરે એને કર્મમાર્ગ કહેવાય.**

### તમન્ના

આપણાં કેટલાંક ભજનોમાં ગમે તે લખ્યું હોય – તે વખતનો તે ભક્તનો ભાવ તથા તેની ભૂમિકા આપણે જાણતા નથી એ લક્ષમાં રહેવું ઘટે. મને તો લાગે છે કે પ્રત્યેક માણસમાં પ્રભુ પાસે જવાની શક્તિ છે એટલું જ નહીં, પણ **ભગવાન તો સદાય સાદ પાડે છે; આપણે માનવી જ એની પાસે જતા નથી, એનો સાદ સાંભળતા નથી.** અને કેટલીક વાર આવેગ કે આવેશમાં લાગણીના માત્ર ઊભરાથી માની બેસીએ છીએ કે ભગવાન આપણને સાંભળતો કે સંભાળતો નથી. ભગવાને તમને સુંદર સગવડો આપેલી છે; એની આપેલી કૃપાનો ઉપયોગ કરવાનું હવે તમારે જોવાનું છે.

સૌથી વિશેષ તો એ ગમ્યું છે કે તમોને આ માર્ગમાં પ્રવેશવાની જિજ્ઞાસા થઈ છે. **માનવીમાત્રના જીવનમાં એવી એક પળ આવે છે કે જ્યારે એને એવી ઊર્મિ સ્ફુરે છે, પણ પોતે એને આવરી નાખે છે ને એને ઉત્તેજન આપતો નથી.** જે આપણે નથી તે થવામાં અડચણ કે હરકત થાય તે સમજી શકાય એવું છે, પણ જે છીએ તે થવામાં તે વળી મુશ્કેલી શી ? કોપરું ખાવાને માટે માત્ર ઉપલી છાલ ઊખેડી નાખવાને થોડી મહેનત પડે એટલું જ; ને એના પ્રેમના આકર્ષણની તો વાત જ ઑર છે.

**એની તમન્ના એક વખત જાગી તો પછી એને મેળવ્યા વિના આપણને એ ઝંપવા જ નહિ દે.** જો કે આપણા સર્વ કંઈનો તે ભોગ માગી લે છે તે વાત નોખી છે, પરંતુ મન-હૃદયમાં એવી તમન્ના પ્રગટતાં તે અઘરું નથી. **ખરી વાત તો એ છે કે એવી ધગધગતી તમન્ના પ્રગટતાં આપણે આપણો ભોગ આપી દઈએ છીએ તો પણ તેનો ખ્યાલ સરખો રહેતો નથી. એવી ધૂનની લહેજત તો ધૂની જ સમજે.**

મનહૃદય હંમેશાં ખાલી રાખ્યા કરવાં. કંઈ કશું ધોળાવા ન દેવું. જે કંઈ ઊપજે કે થાય તે વિવેકથી કહી નાખવું. કોઈના વિષે કંઈ વિચારો આવે તો તેની યોગ્યતામાં એના દિલને રંજ ન લાગે એવી રીતે જણાવી દેવા.

*જીવન પગરણ, ચોથી આ; પૃ. ૯*

### જીવનના ધ્યેય પાછળ મંડો

**એક વખત આપણે આપણો જીવનનો માર્ગ નક્કી કરી લેવો જોઈએ.** જીવનનાં મર્મ અને અર્થ શા માટે છે તે હૃદયથી-હૃદયના વલોવણથી-મનોમંથનથી- એક વખત નક્કી કરી લેવું જોઈશે ને એક વખત તે પ્રમાણે નક્કી થઈ જતાં પછીથી તે પ્રમાણેનાં આપણાં ભાવ, વર્તન અને પુરુષાર્થ રહેવાં ઘટે.

સ્વજનની વાતો કોઈ પાસેથી સાંભળીએ છીએ ત્યારે રસ પણ પડે છે ને વધારે નજીક આવતા થઈએ છીએ.

### પુરુષાર્થ ક્યાં સુધી ?

આપણા પ્રત્યેક કર્મમાં મનહૃદયથી કરીને ભગવાનના આશયની ઝાંખી થયાં કરે છે એવી

અંતરદૃષ્ટિ આપણી ખીલી ઊઠે અને હૃદયમાં એવી સમજણ ઊગી નીકળે ત્યાં સુધી જીવનમાં આપણે પ્રામાણિકપણે પ્રેમભક્તિભાવે ગડમથલ કર્યા કરવાની રહે છે. એવી ગડમથલ સતત ચાલ્યાં કરે એટલી જ માત્ર આપણે જાગૃતિ રાખીને પળેપળ નામસ્મરણ ચલાવવાનું છે. એ બાબતની ધગધગતી તમન્ના હૃદયમાં સતત જલ્યાં કરે તો જ ઉપલો પુરુષાર્થ સહજપણે થયાં કરે. શ્રીભગવાનની કૃપાથી આ બાબતની જે ઊર્મિ પ્રગટી છે એને મરી જવા ન દેશો એટલી વિનંતી છે.

*('જીવન પગરણ' ચોથી આવૃત્તિ, પૃ. ૧૧,૧૨)*

### પહેલાં તો ધ્યેય નક્કી કરો

તમે હમણાં જ જપયજ્ઞ શરૂ કર્યો છે તે જો હમણાં માંડી વાળી શકો તો તેમ કરવા મારી તમને ભલામણ છે, **કારણ કે હમણાં તો બને તેટલો બધો સમય જાગ્રત રહીને મનની ગતિને ઓળખવાનો પ્રયત્ન કર્યા કરો તથા હવે પછીના જીવનનાં વલણ ને ધ્યેય બાબતની ચોખવટ દિલ સાથે કરતા રહો.** તે જ બાબતનું સતત ચિંત્વન કર્યા કરો અને મન સાથે તે બાબતની બરાબર પૂરી સમજૂતી કરી લો. એમાં જે કંઈ શંકા ઊઠે એનું પણ પ્રેમભાવથી સમાધાન કરી લો. **જીવનનાં અર્થ અને રહસ્ય શેમાં રહેલાં છે એ બધું ચોક્કસપણે સમજી લેવાનું રાખો.** આપણે તો વેપારી રહ્યા એટલે એકદમ કશામાં પડીએ નહિ; બધી બાજુથી વિચાર કરી કરીને, લાભ-ગેરલાભ, જય-પરાજય (જોકે આમાં ગેરલાભ કે પરાજય જેવું છે જ નહિ) વિચારી આપણે પગલું ભરવાનું રાખીએ. જપ કરવા માંડશો તો ઉપલું વિચારવા માટેની જે તટસ્થ ભૂમિકા જોઈએ તે નહિ રહી શકે. એટલે મારી તો હૃદયની ઈચ્છા છે કે હમણાં તમે જીવનના ધ્યેય વિષે જ ચિંત્વનમાં રહ્યાં કરો અને એના વિચારોનું જ મંથન મનમાં કર્યા કરો. એને જ ઘૂંટ્યાં કરો ને મનમાં થતા, ઊઠતા, બધા વેગોને નિહાળ્યા કરો ને એમ જોવાતાં જોવાતાં જે નિરખાય એનું ઊંડું પૃથક્કરણ કર્યા કરો ને એમાંથી પછી સાર કાઢવાનું હાલ તો શીખવાનું છે.

*('જીવન પગરણ', ચોથી આવૃત્તિ પૃ.૧૭)*

### સાધકનાં જરૂરી લક્ષણો

**પ્રાર્થના, શાંતિ અને પુરુષાર્થ એ સાધના કરનારનાં ત્રણ જરૂરનાં લક્ષણો છે.** પુરુષાર્થથી આપણે સમગ્ર વિશ્વના ચેતનને અંતરમાં પ્રગટાવાનું છે, ચેતાવવાનું છે ને બિરાદરીની ભાવનાને અનુભવવાની છે. શાંતિથી અથવા શાંતિમાં સતત ચિંત્વન અને આત્મનિર્ણય કરતાં શીખવાનું છે. પ્રાર્થનાથી પ્રભુને પામવાનું ને પ્રભુનાં યંત્ર બની જઈ એની લીલાનું રહસ્ય જાણીને એમાં આપણે પણ એના ભાગરૂપે જ જ્ઞાનભક્તિપૂર્વક એના યંત્ર બની જવાનું છે.

જે કંઈ કરો તે આ દૃષ્ટિથી કરશો; શાંતિથી અને સમજણથી કરશો.

*('જીવન પગરણ', ચોથી આવૃત્તિ, પૃ. ૧૭)*

### સાધના ગુપ્તપણે, સહજપણે કરો

આપણે આ બાબતમાં જે કંઈ કરવાનું છે તે અત્યંત નમ્ર, દીનભાવે ને કોઈ જાણે નહિ તેમજ કરવાનું છે. તે કોઈને જણાવવાનું પ્રયોજન પણ શું હોય ? આપણે ખાઈએ છીએ, શ્વાસ લઈએ છીએ, ઊંઘીએ છીએ વગેરે નૈસર્ગિક ક્રિયાઓ કરીએ છીએ તે વિષે થોડા જ કંઈ કોઈને ઉલ્લેખ કરીએ છીએ ? એવી જ રીતે જીવનમાર્ગનું સાધન સ્વાભાવિકપણે, સહજપણે કર્યા કરવાનું છે. એવું કંઈક કરીએ છીએ તેવું ભાન થાય કે રહે તે પણ ખોટું છે ને એવું ભાન થવું કે રહેવું તે તો ઊલટું જીવનની પ્રગતિને રોકનારું છે.

**વળી ક્યાંયે અંધશ્રદ્ધા રાખવાની નથી. જે કંઈ કરીએ તે સમજીને જ્ઞાનપૂર્વક કરવાનું છે ને તે પણ પ્રભુપ્રીત્યર્થે ને એની કૃપા જ કરાવે છે એવો હૃદયથી ભાવ રાખ્યા કરવાનો છે.** એટલે પુરુષાર્થ કરવા છતાં જાણે કરતા જ નથી. અને જે જે કંઈ કરીએ, વિચારીએ, વર્તીએ તે તે બધું શ્રીપ્રભુને જ સમર્પણ કરી દેવાનું રહે છે ને ખાલી જ રહ્યાં કરવાનું છે.

('જીવન પગરણ', ચોથી આવૃત્તિ, પૃ. ૧૮,૧૯)

## ૭. પૂજ્ય શ્રીમોટાની ઝીણાકાકાના લવાછા ગામની મુલાકાત – નંદુભાઈ શાહ

કુંજરાવ, તા. ૮-૧૧-૫૯

જત સુરતથી દરિયાકિનારે - ૧૨ માઈલ દૂરના લવાછા કરીને ગામે, અમે બે દિન ઉપર સુરત આશ્રમેથી કારમાં ગયેલા. શ્રી ઝીણાકાકાના લવાછા ગામની પૂજ્ય શ્રીમોટાની મુલાકાત પછાત કોમનું નાનકડું ગામ છે. સુરતની નીરો સોસાયટીમાં કામ કરનારા ઘણા ભાઈઓ આ ગામના છે. બે વિભાગમાં આ ગામ વહેંચાયેલું છે. બે વિભાગ વચ્ચે એક માઈલનું અંતર છે. દરિયાકિનારે પાછળ પટે આ બે વિભાગો આવેલા છે. હમણાં થયેલ અતિવૃષ્ટિના કારણે સડક ધોવાઈ ગયેલી. વચ્ચે તૂટી પણ ગયેલી. લવાછાથી બે માઈલ દૂર સડક તૂટી ગયેલી. ત્યાં કાર અટકાવીને ચાલતા નીકળ્યા. દરિયાનાં પાણી ખાડી દ્વારા આ વિભાગમાં ભરતીના સમયે ફરી વળતાં હોય છે. અમો દોઢ ફૂટ ઊંડા કાદવકીચડમાં, કળણમાં થઈને ચીકણી લપસણી માટીમાં દૃઢપણે પગલાં માંડતાં માંડતાં એકમેકને ટેકવીને ચાલતાં ચાલતાં-એકાદ ફર્લાંગ આવો કીચડવાળો ને લપસણો રસ્તો ખૂંદીને આગળ ચાલ્યા. જીવનમાં પ્રથમ વાર આવા કળણમાં ચાલવાનો અનુભવ મળ્યો. કળણ પૂરું થવાની જગાએ લવાછા ગામેથી ચોખ્ખું પાણી પગ ધોવાને લાવવામાં આવેલું. બે ગાડાં પણ આવેલાં. એક તો રેંકડી હતી તેમાં પૂજ્યને બેસાડ્યા. બબ્બે બળદો જોડેલા હતા. બળદો ઉપર લાલ રંગીન વસ્ત્ર ઓઢાડીને શણગારેલા. સામૈયું કરવા આવનાર નવયુવકોનો ઉત્સાહ માતો ન હતો. તેના આગેવાન યુવકભાઈ હમણાં જ સુરત આશ્રમમાં ૭ દિન મૌનમાં બેસી ગયેલા. ગામને પાદરે કાંસાજોડાં ને નરઘાં-તબલાં સાથે લઈને આવેલા યુવકોએ ભજનોથી અમારો સત્કાર કર્યો ને ભજનો ગાતાં ગાતાં પૂજ્ય શ્રીમોટાને રેંકડીમાં બેસાડીને સરઘસ આકારે ગામમાં લઈ ગયા. તે આગેવાન યુવકના આંગણામાં નાનો શો માંડવો રાતોરાત હાથોહાથ ઊભો કરેલો હતો. આસોપાલવ અને હજારી ગોટાનાં અસંખ્ય ફૂલોથી તેને શણગાર્યો હતો. પૂજ્યને બેસવાની હિંડોળાખાટ શણગારી હતી. ફૂલોથી અને ગાલીચાઓથી શોભતા મંડપમાં ભજનિકો હાર્મોનિયમની પેટી અને મંજિરા સાથે બેઠા હતા અને ભજનો લલકારતા હતા. થોડાંક બહેનો-ભાઈઓ અને બાળકો આવ્યાં હતાં. બહેનોએ એક પછી એક આવીને પ્રણામ કર્યા. કોઈકે પુષ્પોથી પૂજ્યને વધાવ્યા પણ ખરા. લોકોનો ઉત્સાહ અનેરો હતો. ભજનિકો તાનમાં હતા. ગામડાનાં ભલાં સાદાં ભોળાં હૈયાઓ આનંદ-ઉલ્લાસથી હિંચોળાઈ રહ્યા હતાં. સાદું પણ આકર્ષક દૃશ્ય હૈયાને હચમચાવી નાખવાને પૂરતું હતું. તે નવયુવક આગેવાનના ઘરના બૈરાંએ આરતી જેવું કર્યું. વધામણાં કર્યાં અને બધી મંડળીના લોકોને ચાહ-પાણી પાયાં. અમો માટે કેસરિયા દૂધ આપ્યાં. પૂજ્યે અગમચેતી વાપરીને પ્રસાદનો ખર્ચ તેઓને માથે ન પડે તે માટે અગાઉથી ૧૨ ડઝન કેળાં સુરતથી સાથે મંગાવી રાખેલા, તેમાંથી સૌને પ્રસાદ પણ અપાયો. સવારે ૪-૩૦ વાગ્યે અમો આશ્રમેથી મોટી ગાડીમાં નીકળેલા. 'વાન'માં અમો ૧૨ જણા હતા. બધા પુરુષો. ઝીણાભાઈ ને ભીખુભાઈ પણ સાથે હતા. તમાકુવાળા ને બીજા હોદ્દેદારો પણ સાથે હતા.

પૂજ્યની વિશેષતા એ હતી કે એમણે અગાઉથી તે આગેવાન યુવકને, ભીખુભાઈ ને ઝીણાભાઈને વગેરેને કહી રાખેલું કે, આપણે બહુમાન શ્રી નરોત્તમભાઈનું જ કરવું. તેઓ તાજેતરમાં સુરત શહેર કૉંગ્રેસ કમિટિના પ્રમુખ તરીકે ચૂંટાયેલા હોઈને પણ તેમને બહુમાન દેવું. આથી પૂજ્યે તેમને પણ પોતાની જોડે જ હિંડોળાખાટે બેસાડ્યા હતા અને પોતાના દર્શને આવનાર ભાવિક બહેનોને ને ભાઈઓને-પોતાને ફૂલના હાર પહેરાવવા આવનારને

નરોત્તમભાઈ પ્રતિ તેઓ વાળતા રહ્યા હતા. સૂતરના હાર પણ આવતા હતા. **પૂજ્યે બધાંને કહેલું કે કૃપા કરી પૈસા ખર્ચીને ફૂલના હાર ના આણશો. હાર આણવા જ હોય તો સૂતરના હાર આણજો જેથી તેની ખાદી પણ વણાવી શકાય.** લવાછા ગામમાં અંદાજે સવા સાત કલાક ત્યાં રોકાયા.

ત્યાંથી પતતાં શ્રી ઝીણાભાઈના વિભાગના લવાછા ગામે પૂજ્યનું સરઘસ કાઢીને, તેમને રેંકડીમાં બેસાડીને ભજનિકો ભજન ગાતાં ગાતાં ને મંજિરા વગાડતાં વગાડતાં 'વરઘોડા'ના સ્વરૂપમાં લઈ જવામાં આવ્યા. અમો સૌ ચાલતા હતા. નરોત્તમભાઈ રેંકડીમાં પૂજ્યની સાથે ના જ બેઠા. તેઓ વિવેકી હતા ને છે. ગામ તદ્દન પછાત-બહેનો પણ ઘણી પછાત. કોઈ મામૂલી નેતા પણ ભાગ્યે જ આવા ગામમાં આવે ને ભાષણ કરે. લવાછાના મોટા વિભાગમાં શ્રી ઝીણાભાઈના પ્રતિના ભાવને કારણે શ્રી ભીખુભાઈ અને પૂજ્યે પ્રવાસ કરીને રૂ. પાંચ હજાર ખર્ચીને (જેમાં સરકારની ગ્રાંટ પણ અર્ધ ઉપરાંત ભાગની છે) એક સારું મોટું શાળાનું મકાન હમણાં જ લોકલ બોર્ડની મદદ લઈને બંધાવેલું છે, જેમાં ૧૧૦ બાળકો હાલ ભણે છે. પહેલાં આ ગામના બાળકોને ૧ માઈલ ચાલીને જવું પડતું. **ચોમાસામાં તો કાદવ થઈ જતાં બાળકોને માટે જવું જ અશક્ય બનતું. પરંતુ હવે આ શાળાનું મકાન થતાં ને શાળા ખૂલતાં ૧૧૦ જેટલાં બાળકો ભણવા આવે છે, જે બાળકો પહેલાં તે સ્થળે શાળાના અભાવે મુદલે ભણી જ શકતાં નહતાં. આમ, પ્રત્યક્ષ નજરે ગરીબ ગામડાની પ્રજાની અક્ષરજ્ઞાનની કેળવણીની ધગશ જોઈને આવી શાળાઓ હોવાથી અક્ષરજ્ઞાનનો પ્રચાર કરવામાં તે કેટલી બધી ઉપયોગી થઈ પડે છે તે અનુભવ્યું.** ૨૫' X ૨૦' નો એક જ મોટો હૉલ બાંધેલો છે. અલબત્ત, રવેશી ૬ ફૂટની છે ખરી. આગળ આ એક જ ઓરડામાં ૧૧૦ બાળકોને ભણવાનું ને તેથી સંકડાશ જણાતાં બીજો તેવો ઓરડો બંધાવવાની તજવીજ ચાલે છે. તે માટે પૂજ્યે રૂ. ૧૬૦૦/- ઉઘરાવીને લોકલ બોર્ડને આપી પણ દીધા છે જેથી હવે સરકાર એટલે કે લોકલ બોર્ડ બીજા ડબલ કે તેટલાં જ નાણાં ઉમેરીને બીજો ઓરડો લગોલગ બાંધી આપશે. **ગામડાની પ્રજાને જો શિક્ષણનાં સાધનો સુલભ બનાવી આપવામાં આવે તો તેઓની નિરક્ષરતા જરૂર ટળે ખરી.**

અહીં આ શાળાના આગળના નાનકડા ચોગાનમાં પ્રમાણમાં મોટો મંડપ હાથોહાથ બંધાઈ ગયો હતો. લીમડાનાં પાનથી ને થોડાંક ફૂલોથી પૂજ્યને બેસવાની બેઠકને શણગારી હતી. સફેદ દૂધ જેવી ધોયેલી સ્વચ્છ ચાદરો બિછાવી દેવામાં આવી હતી. ૬૦-૭૦ બહેનો, સો એક બાળકો અને ૫૦ પુરુષભાઈઓ સત્કારવાને હાજર હતા. **'હરિઃૐ'ના જયનાદો વચ્ચે પૂજ્યને સત્કારવામાં આવ્યા.** વિશિષ્ટ આસને બેસાડયા અને પછી એક પછી એક બહેન આવીને પ્રણામ કરતી ગઈ ને આનો, બે આના, ચાર આના, રૂપિયો, સવા રૂપિયો એમ ચરણે ધરાવતાં આવ્યાં. આમ, પરચુરણ-પરચુરણ આપણે મન નાની રકમોથી પણ આપનારને મન તો કિંમતી ધન ને મૂડી મૂકાતી આવી અને તે બધું મળીને રૂ. ૧૬ થી ૧૭ અંદાજે કુલ્લે થયા, જે મારે મન તો શહેરના ૧૭૦૦/- કરતાં પણ અનેક ગણા કિંમતી ભાવવાહી હતા. અહીં આ વિભાગે પણ વિભાગના પાદરે બીજા ભજનિકો-સ્વાગત માટે વિભાગના આગેવાનો સાથે આવ્યા હતા. આખા ગામનો સત્કારમાં સાથ હતો. ગામની અત્યંત ગરીબાઈ જોતાં આ ભાવભીનું જે સ્વાગત અનભવ્યું તે મોટા શહેરના હાથીની અંબાડીવાળા ને બેઠક સાથેના 'ભવ્ય' સ્વાગત કરતાં પણ અનેકગણી રીતે ચઢિયાતું અને સવિશેષતાવાળું સ્વાગત હતું. હિન્દની પ્રજાના હાડમાં આધ્યાત્મિકતા કેવીક ધબકે છે ! આર્થિક દૃષ્ટિએ અને સંસ્કારની દૃષ્ટિએ પણ નીચલામાં નીચલી કક્ષાના થરના લોકોમાં પણ પ્રભુ

પ્રતિના પ્રેમની કેવી ઝલક છે ! ને ખાસ કરીને બહેનોમાં કેવી બધી ભાવભીની શ્રદ્ધા ભરી પડી છે. તે **જોતાં મારી તો આંખો અનેક વાર સજળ બની જતી હતી.**

**આટલા બધા ગરીબ ગામડામાં પ્રથમ વાર જ મારે તો આવવાનું થયું ને આ રીતના સ્વાગતમાં ભાગ લેવાનું બન્યું. મારે માટે આ એક પુનિત ભાવ-પ્રસંગ બની રહ્યો હતો અને એ આખુંયે સવાર હૃદયને કૂણાં ભાવવાળું રસાર્દ બનાવનારું બની રહેલું.**

અહીં તો બધીયે બહેનોએ વારા ફરતી પૂજ્યનું વ્યક્તિગત સ્વાગત વ્યાસપીઠ પર આવીને કર્યું. કેટલીક બહેનોએ તો ઘીનું કોડિયું-દીવા સાથે કંકુ-અક્ષત આદિ લઈને તે સાથે પૂજ્યનું પૂજન પણ કર્યું. આ બધા સમય દરમિયાન ભજનો ચાલુ હતાં. મંજિરાના નાદ-તાલબદ્ધ સમૂહમાં ચાલુ હતા. સંસ્કૃત શહેરના સંસ્કૃત સંગીતના સૂરો જેટલા આ બરછટ ભજનો મને તો આનંદ આપતાં હતાં. કદાચ આ પ્રથમ વાર જ આવું અનુભવવાનું મને સાંપડ્યું. તેથી પણ મને એમ લાગ્યું હોય તેમ પણ બને. **ગમે તેમ, આ ભલી ગ્રામીણ શોષાયેલ પ્રજાનાં ભાઈ-બહેનોના ભાવભર્યા સ્વાગતે મારા દિલમાં ઊંડી છાપ પાડી.** અહીં પણ પૂજ્યે પેલાં કેળાનો પ્રસાદ વહેંચાવડાવ્યો. આ બધો કાર્યક્રમ ૧૦ વાગતાં પૂરો થયો ને ૧૦-૩૦ વાગ્યે **તો ઝીણાભાઈના મોટાભાઈને ત્યાં અમોને જમવાનું પણ પીરસવામાં આવેલું. અગાઉથી પૂજ્યે વરદી આપી હતી કે રોટલા, ભાત ને દાળ જ માત્ર કરવાનાં, મિષ્ટાન નહિ તેમજ શાક પણ વેચાતું લાવીને કરવાનું નહિ.** તદ્દન સાદી રસોઈ (આપણે મન સાદી! પણ પૂજ્યને માટે તો એ રસોઈ પણ વિશેષતાવાળી કદાચ ગણાતી હોય તો નવાઈ નહિ) તે પ્રમાણે જ રસોઈ બનાવેલી. વધારામાં શાક હતું-તેલ નીતરતું (સુરતી તો આખરે ખરા જ ને !) દાળને 'ડખુ' કહેવામાં આવે છે. ખૂબ જ સ્વાદિષ્ટ તે હતું. ભાત પણ ઊંચી જાતના ચોખાનો ને ઘી પણ ઉપર પીરસવામાં આવેલું. રોટલાને બદલે ભાખરી કરવામાં આવી હતી. જોકે તે લોકોનો મુખ્ય ખોરાક જુવાર અને બાજરી જ છે. ઘરને આગલા દિને આખુંયે લીપી લૂંપીને રોનકભર્યું કરવામાં આવ્યું હતું. ખૂબ શાંતિથી આનંદથી અમો પંદરેક જણ જમ્યા. શાળાના શિક્ષકભાઈ પણ જમવામાં સાથે હતા. **પૂજ્યે શાળાનાં બાળકોને વહેંચવાને મગફળી શીંગ પ્રસાદ રૂપે બંને વિભાગના મળીને ૧૬૦ વિદ્યાર્થીઓને વહેંચવાને પ્રબંધ પોતાના પૈસાથી કરાવેલો જ.** જે શાળાના ખુલતા દિને તેમ કરાશે. તેમના ચરણે જે રકમ ભાઈ-બહેનોએ બન્ને સ્થળે મૂકી તે રકમ શાળાના શિક્ષકને શાળાપયોગી સાધનો વસાવવાને આપી દીધી અને બીજાં પણ થોડાંક વધુ સાધનોની આવશ્યકતા હોય તો તે ખરીદીને આંકડો મોકલી આપવા જણાવ્યું.

જમ્યા બાદ પૂજ્યે આરામ લીધો-થોડોક સમય ને દોઢેક વાગતાં પાછા ફર્યા. પાછા ફરતી વેળા પ્રથમના વિભાગેથી-યુવાન આગેવાનનાં કુટુંબીઓએ પૂજ્યની રેંકડીને (બે બળદની રેંકડીને) ફૂલોની કમાનોથી શણગારી. વાંસની પટ્ટીઓથી આખી રેંકડીને માથાળે છત્તર જેવું કરીને તેના ઉપર હજારી ગોટાનાં ફૂલોથી શણગારીને તે ઉપર રંગીન ચિત્રામણવાળું મોટું ટેબલ કલોથ ઓઢાડી દીધું. જેથી માથા ઉપર પૂજ્યને તાપ ન આવે ને અંદર ફૂલોની સુવાસ રહે. ને જે રીતે આવતી વેળા સ્વાગત થયું હતું તે જ રીતે વિદાયમાન ભજન, મંજિરાના નાદ સાથે આપવામાં આવ્યું ને ગામના પાદર સુધી સૌ ભજનિકો વળાવવા આવ્યા હતા.

**મોટા શહેરના રોનક અને શાનદાર ભવ્ય સમારંભો-સરઘસો અને સ્વાગતોના ઠાઠમાઠ કરતાં આ સાદું અને ભાવવાહી સ્વાગત રજમાત્ર ઊતરતું મને ન લાગ્યું. તેટલો જ ભાવ-મીઠાશ અને ભવ્યતા આ સાદાઈમાં ભારોભાર ભર્યા હતાં. ગુણશકિત એક જ હતી. પ્રકાર ને વ્યકતતામાં માત્ર ફેર - બસ એટલું જ ! આવા ઉત્સવો આવાં ગામડાંની પ્રજાઓ**

માટે ભારે ઉત્તેજનાપ્રેરક અને ઉલ્લાસ-આનંદપ્રેરક **બની રહી શકે છે.** શહેરીઓને આવા પ્રસંગોથી ગ્રામીણ પ્રજાઓના સંપર્કમાં આવવાનું સદ્ભાગ્ય સાંપડે છે. શહેરો અને ગામડાના વાતાવરણમાં હિમાલય અને તળેટી જેટલું અંતર જે આવી વસ્યું છે તે આ રીતે કંઈક ઓછું પણ થાય તો થાય.

**શ્રી ઝીણાભાઈ એ સુરત આશ્રમના ખૂબ અગત્યના સાધક ભાઈ છે. પછાત કોમના છે. બહુ જ થોડુ બોલે. નહિ જેવું ભણેલા હોવા છતાં અને કદાચ એ જ કારણે ખૂબ કામ કરતા ને આશ્રમને ઘરેણારૂપ થઈ પડેલા એ ભાઈ છે. એ ભાઈનાં પ્રેમને વશ થઈને પૂજ્ય તેમના ગામે આવેલા.** પૂજ્ય હોય છે ત્યારે શ્રી ઝીણાભાઈ તો બે વાગ્યે સવારે ઊઠે છે. રાત્રે ૮ વાગે સૂઈ જાય છે. કદીક ૮-૩૦ પણ થઈ જાય ને આખો દિન ખડે પગે બધી જાતનાં કાર્યો કરવા તત્પર રહેલા હોય છે. રસોઈથી માંડીને પૂજ્યની અંગત સેવા, આશ્રમનું પરચૂરણ કામ, કપડાં ધોવાં ને ઓલરાઉન્ડરનું કામ કરે છે. ટપાલ લઈ આવવી, નાંખી આવવી વગેરે કામ પણ કરે છે. પૂજ્ય ન હોય ત્યારે અંદાજે ૩ વાગ્યે ઊઠતા હશે ને બધું કામ મૂકપણે-આડંબર કે હો હા કર્યા વિના-હસતા મુખે અનેક ભાત ભાતનાં લોકોની વચ્ચે સૌની સાથે હળી મળીને-રીઝવીને પ્રસન્નતાપૂર્વક સેવાભાવે કાર્ય કરી રહેલા છે અને વધુ આનંદની વાત તો એ છે કે ખુદ ભીખુભાઈ આ ઝીણાભાઈ ઉપર ખૂબ ભાવ રાખે છે અને પોતા કરતાં પણ આશ્રમને તેમની હાજરી વધુ અગત્યની હોવાનું પોતે માને છે. એટલું જ નહિ, પણ બીજાઓ આગળ આનંદપૂર્વક તેઓ તે વ્યકત કરે છે. નીરા સોસાયટીના કામ કરનારા અનેક ભાઈઓમાંથી ઝીણાભાઈની પસંદગી વર્ષો પહેલાં પૂજ્યે કરી હતી. આશ્રમને માટે, ને તે પસંદગી કેટલી બધી યોગ્ય કરી છે તે અનુભવી શકાય છે !

*(શ્રીમોટાની મહત્તા – પ્ર. આ., પૃ. ૧૧૪-૧૨૧)*

**અનુસંધાન પાના નં. ૧૫ પરથી**

રંગાઈ જવાનું કર્મ, તે કંઈ નાનું સૂનું નથી. મન મનાઈ જતું ભલે લાગતું હોય, તેમ છતાં એને પાછું છટકી જતાં વાર પણ લાગતી નથી. મનનો દંભનો પડદો તો હિમાલય પર્વત કરતાં પણ મોટો હોય છે, ને દંભ તો સત્યની નજીકમાં નજીક સુધીની મર્યાદા સુધીનો ભાગ ભજવી શકે છે. એવા મનનાં વલણોને પારખવાં, ને જીવનવિકાસમાં તે રચનાત્મક છે કે નકારાત્મક છે તે પ્રીછવું તે સહેલું નથી; તથા તેવાં તેના પાસામાં ગતિશીલ, ક્રિયાશીલ ને સંપૂર્ણ ચેતનાત્મક જાગૃતિ ને જીવન પરત્વેની જ્વાળામુખી સમી ઉત્કટમાં ઉત્કટ ધગધગતી જિજ્ઞાસા જેને સંપૂર્ણપણે ચેતનાત્મક ભાવવાળી છે તેવા જ માત્ર, તેવાં મનનાં પાસામાં તટસ્થ રહી શકે છે; બાકીનાનું તો ગજુ જ નથી.

મનની પણ અનેક પ્રકારની ભ્રમણાઓ હોય છે. અનેક પ્રકારની સમજણોની પણ મડાગાંઠો ને પૂર્વગ્રહો હોય છે, તે બધું જ જીવનવિકાસની ભાવનાને સાનુકૂળ મનનું તેવું જ્ઞાનભક્તિપૂર્વકનું હેતુની સભાનતાવાળું વલણ જન્મેલું હોય છે, ને તે નિત્ય જાગૃત સાતત્ય ભોગવતું હોય છે, ત્યારે જ તેવું તેવું મનનું બધં ફેરવાવી શકાય છે.

*'મનને' આવૃત્તિ : સાતમી પૃ. ૧૪-૧૫*

**મન તો માટીનો ઘડો છે**

એટલે તમારું મન જે બીજાં બધાંમાં લલચાય છે તે આમાં પણ લલચાશે. એ તો તમે જો મને કરશો તો શી વાર લાગવાની છે ? **મન તો માટીનો ઘડો છે. પ્રેમભાવરૂપી કાંકરો માર્યો કે એ તો ફૂટ્યો જ જાણવો. ભગવાનનો ભાવ એ જ આપણું સાચું ધન છે; ને જીવન એ તો ઉજાણી ઉત્સવ છે; એ ઉત્સવ એ ને જ માટે છે.** જેમ માનું જીવન બાળક માટે છે તેમ જીવન એ પણ ભગવાનનું છે, ને એને આપણે લાયક કરીને **એ** ને સમર્પણ કરી દેવાનું છે. બહેનો આમાં અમારા કરતાં વિશેષ પ્રવીણ થઈ શકે. ('જીવન પગરણ' ચોથી આવૃત્તિ, પૃ. ૨૨)

## ૮. પૂજ્ય શ્રીમોટાનો ૮૮મો સાક્ષાત્કાર દિન રામનવમી ઉત્સવ ૨૦૨૬, સુરત

હરિઃૐ - વ્હાલા સ્વજનો,

પૂજ્ય શ્રીમોટાનો ૮૮મો સાક્ષાત્કાર દિન રામનવમી ઉત્સવ સુરત મુકામે તા. ૨૯-૦૩-૨૦૨૬ રવિવારના રોજ ભાવપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો તેનો ટૂંકો અહેવાલ અત્રે રજુ કરીએ છીએ. આ વર્ષે ઉત્સવનું સ્થળ શ્રી સમસ્ત પાટીદાર સમાજની વાડી, આંબાતલાવડી કતારગામ મુકામે રાખવામાં આવ્યું હતું. શ્રીમોટાના સાક્ષાત્કાર દિન રામનવમી ઉત્સવનો લ્હાવો માણવા માટે સુરતના સ્થાનિક સ્વજનો ઉપરાંત અમદાવાદ, નડિયાદ, આણંદ જેવા વિવિધ શહેરોમાંથી તેમજ દોણ, લવાછા, ઓલપાડ, ચીખલી વગેરે તાલુકાના અંતરિયાળ ગામડાઓમાંથી સ્વજનો ઉમળકાભેર પધાર્યા હતાં. બહારગામથી આવનાર સ્વજનોના ઉતારા માટે યજમાન શ્રી અશોકભાઈ કરશનભાઈ ચોવટિયાએ ઉત્સવના સ્થળે જ રૂમો બુક કરાવી મહેમાનો માટે રહેવા જમવાની સુંદર વ્યવસ્થા ગોઠવી હતી.

ઉત્સવના દિવસે પરોઢિયે ઘણાં સ્વજનો વહેલા વહેલાં દૈનિક ક્રિયાઓથી પરવારીને ઉત્સવના સ્થળે ૬:૩૦ થી ૭:૧૫ વચ્ચે અલ્પાહાર કરીને ઉત્સવ માણવા માટે સૌ સ્વજનો સભામંડપમાં પોતપોતાના આસન પર ગોઠવાઈ ગયા હતા. કાર્યક્રમની શરૂઆત લવાછા ગામના યુવકો દ્વારા હરિઃૐ ધૂનથી કરવામાં આવી હતી ત્યારબાદ સંગીતકાર શ્રી ભાવિક પટેલ અને તેમના સાથીવૃંદ દ્વારા ભાવવાહી કંઠે નિત્યપ્રાર્થનામાં સ્વજનોને ભાવમગ્ન કર્યા બાદ શ્રીમોટા ચરણે તેમજ આરતીનું સમૂહ ગાન થયું હતું. ત્યાર પછી શ્રીમોટાનાં તેમજ અન્ય સંત ભક્તોના ભજનોની રમઝટ ચાલી હતી. ભજનોની પૂર્ણાહુતી સમયે ઘણાં સ્વજન ભાઈ - બહેનો સંગીતના તાલે ભાવવિભોર બની ઝૂમી ઉઠ્યા હતા.

ગત વર્ષની માફક આ વર્ષે પણ સ્વજનોને આશ્રમનો વાર્ષિક અહેવાલ વોટ્સઅપના માધ્યમથી ડીજીટલ સ્વરૂપે આપવામા આવ્યો હતો. આશ્રમના મોબાઈલ નંબર +૯૧ ૯૭૨૭૮ ૩૩૪૦૦ ઉપર વોટસઅપમાં hi અથવા હરિઃૐ ગુજરાતી/અંગ્રેજીમાં લખવાથી સ્વજનના મોબાઈલ પર આપમેળે વાર્ષિક અહેવાલની PDF આપવામાં આવી હતી. વોટ્સઅપની આ ટૅકનોલૉજીનો ઉપયોગ સ્વજનો શ્રીમોટાનું સાહિત્ય વાંચવા તેમજ સાંભળવા માટે પણ કરી શકે છે. જેમકે આપ કોઈ પુસ્તકની PDF મેળવવા માંગો છો તો તેનું ગુજરાતી અથવા અંગ્રેજીમાં નામ લખવાથી તે પુસ્તક આપના વોટ્સઅપમા આપમેળે આવી જશે. વોટ્સઅપ ઉપર આ સેવા મેળવવા માટે પ્રથમ આશ્રમના ૯૭૨૭૮૩૩૪૦૦ મોબાઈલ નંબરને તમારા મોબાઈલમાં હરિઃૐ આશ્રમના નામથી સંગ્રહિત કર્યા બાદ વોટ્સઅપ પર જે તે પુસ્તકનું નામ લખશો. જેમ કે કૃપા અથવા KRUPA લખવું. આમ, હવે સ્વજનો આશ્રમની વેબસાઈટ www.hariommota.org ઉપરાંત વોટ્સઅપના માધ્યમથી પણ પુસ્તક ડાઉનલોડ, મૌન બુકીગ, ભજનોની MP3 ઓડિયો વીડિયોનું ડાઉનલોડ વગેરે સેવાઓ મેળવી શકશે.

ભજનનો કાર્યક્રમ પૂર્ણ થયાં બાદ એવોર્ડ વિતરણનો કાર્યક્રમ શરૂ થયો હતો. આ વર્ષે એવોર્ડ માટે ૧) કુ. દેવાંશી મનોજભાઈ રાણા જેમને બાળપણથી કલ્બફૂટની ખોડખાંપણ હોવા છતાં પેરા સ્વિમિંગ કેટેગરીમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય લેવલે વિવિધ સ્વિમિંગ કોમ્પિટિશનમાં ભાગ લઈને કુલ ૩૬ જેટલા મેડલો મેળવી દેશ તેમજ પરિવારનું ગૌરવ વધાર્યું છે. સ્વિમિંગ ક્ષેત્રની તેમની આ સિદ્ધિને બિરદાવતા હરિઃૐ આશ્રમ તરફથી રૂ. ૨,૫૧,૦૦૦/ નો રોકડ પુરસ્કાર, પૂજ્ય શ્રીમોટાનો ફોટો અને પુસ્તકો આપીને સન્માનિત કરવામાં આવ્યા.

૨) આણંદ શહેરની એક સામાન્ય પરિવારની દીકરી ડૉ. એકતા શાહે ગુજરાતી માધ્યમમાં ધો. ૧૨ સુધી અભ્યાસ કર્યા બાદ ભારતમાં બોમ્બે IIT માં M.sc. ફિઝિક્સ સુધીનો અભ્યાસ કર્યા બાદ તેમણે અમેરિકાની પ્રખ્યાત રોચેસ્ટર યુનિવર્સિટીમાંથી ખગોળ વિજ્ઞાન ક્ષેત્રે PHDની ડિગ્રી મેળવી વિવિધ સંશોધનો કર્યા ડૉ. એકતા શાહે આપણી આકાશગંગામાં નવા **૬ ગેલેકસી સમૂહોની શોધ કરી તેને ભારતીય નામો દ્રષ્ટિ, સુરભી, શ્રવણ, રુચિ, સ્પર્શ અને સ્મૃતિ** નામોથી વિશ્વને ઓળખ આપી ભારતીય અસ્મિતાનું ગૌરવ વધાર્યું છે. અમેરિકામાં ઉચ્ચ અભ્યાસ અને સંશોધન કાર્ય કર્યા બાદ હવે તેમનો વિચાર ભારતમાં જ રહીને બાળકોમાં ખગોળ શાસ્ત્રમાં રુચિ વધે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવાનો છે. વિજ્ઞાન ક્ષેત્રની તેમની આ વિશેષ સિદ્ધિઓને બિરદાવી તેમને પ્રોત્સાહિત કરવા માટે હરિઃૐ આશ્રમ તરફથી રૂ. ૨,૫૧,૦૦૦/નો ચેક આપી સન્માનિત કરવામાં આવ્યા.

એવોર્ડ વિતરણ બાદ વક્તાના પ્રવચન માટે સૌ સ્વજનો આતુર હતા. શ્રીમોટાના ૧૪ જેટલા ઉત્સવમાં શબ્દ સારથીની (એંકર) સેવાઓ આપવાનું સદ્ભાગ્ય જેમને પ્રાપ્ત થયેલ છે તેવા લવાછા શાળાના ભૂતપૂર્વ શિક્ષિકા રેણુકાબહેન વાંસીયા દ્વારા વકતા શ્રી આશીષભાઈ ભલાણીનો ટૂંકો પરિચય આપવામાં આવ્યો હતો. આશીષભાઈએ સ્ટેજ પર શ્રીમોટાને પ્રણામ કરીને પ્રવચન શરૂ કર્યું હતુ. શ્રી આશિષભાઈ ભાલાણીએ પૂજ્ય શ્રીમોટાની ગઝલ ''જીવન શું છે ?'' વિષય પર ખુબ જ રસપ્રદ શૈલીમાં પ્રવચનની સાથે સાથે શ્રી ભાવિક પટેલના માધ્યમ દ્વારા ઉપરોક્ત ગઝલ સંગીતમય રીતે રજુ કરતાં કરતાં વિવિધ પ્રસંગો વર્ણવ્યા હતા.

ઉત્સવ સ્થળે રૂબરૂ નહિ આવી શકેલા ૨૦૦૦થી વધુ સ્વજનોએ ઇન્ટરનેટ ટૅકનોલૉજીના માધ્યમથી સમગ્ર ઉત્સવનો લાભ Youtube દ્વારા માણ્યો હતો. આશ્રમની Youtube ચેનલ ઉપર સૌ સ્વજનો ઉત્સવનો આ વિડીયો કાયમી જોઈ શકશે. આશ્રમ દ્વારા રજુ કરવામાં આવતાં શ્રીમોટાનાં ભજનો તેમજ આ પ્રકારના ઉત્સવનો લાભ મેળવવા માટે આશ્રમની ચેનલ https://youtube.com/@hariommota સબસ્ક્રાઇબ કરવા નમ્ર વિનંતી છે.

અનેક સ્વજનોને ઉત્સવ દરમ્યાન પૂજ્ય શ્રીમોટાની સૂક્ષ્મ હાજરીનો અનુભવ થયેલ. ઉત્સવના યજમાન શ્રી કરશનભાઇ મેઘજીભાઈ ચોવટીયા પરિવારને પૂજ્ય શ્રીમોટાનો સાક્ષાત્કાર દિન રામનવમી ઉત્સવ ઉજવવાનું ત્રીજી વખત સદ્ભાગ્ય પ્રાપ્ત થયેલ છે. ઉત્સવના અંતે યજમાન શ્રી કરશનભાઇ મેઘજીભાઈ ચોવટીયા પરિવારને આશ્રમ તરફથી શ્રીમોટાના ફોટાની સ્મૃતિભેટ આપવામાં આવી હતી. યજમાન પરિવાર તરફથી ઉત્સવમાં પધારનાર સૌ સ્વજનોનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

ખૂબ જ ભાવભર્યા વાતાવરણમાં ગુરુવંદના બાદ ઉત્સવનું સમાપન થયું. સૌ સ્વજનોએ મનોમન શ્રીમોટાનો આગામી ભાદરવા વદ ચોથનો જન્મદિન ઉત્સવ તા. ૪-૧૦-૨૦૨૬ને રવિવારના રોજ ફરી ભેગાં મળવાના સંકલ્પ સાથે ખીચડીકઢી અને શાકનો દિવ્ય પ્રસાદ આરોગી સૌ છૂટા પડયા. શ્રીમોટાના આગામી જન્મદિન ઉત્સવના યજમાન શ્રીમતી જાગૃતિબહેન પટેલ પરિવાર દ્વારા અમદાવાદ મુકામે યોજાનાર છે.

શ્રીહરિઃૐ આશ્રમ સુરત ટ્રસ્ટીમંડળ ઉત્સવને સફળ બનાવવા માટે મદદરૂપ થયેલ તમામ સ્વજનોનો, યજમાન પરિવારનો, મુખ્ય મહેમાન, સૌ સ્વજનો, દાતાશ્રીઓ વગેરેનો હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર માને છે.

મેનેજિંગ ટ્રસ્ટી, હરિઃૐ આશ્રમ, સુરત





||હરિઃૐ||
નો ૮૮મો સાક્ષાત્કાર દિન






# ગુરુપૂર્ણિમા મંગલાષ્ટક
## (શાર્દુલવિક્રીડિત)

શીળી ચેતન ચાંદની વરસતી આજે ગુરુપૂર્ણિમા,
અંધારા જીવને પ્રકાશ ભરતી તારી ગુરુચેતના.
આજે હો ગુરુવર્યને હૃદયના ભાવોર્મિની વંદના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા! ૧

તારો નિર્મળ સંગ-સાથ જીવને ઉર્ધ્વે ગતિ પામવા,
તારી ગોદ હૂંફાળને શુભ સદા શાંતિપ્રદા મોક્ષદા.
મીઠીને કરુણામયી તવ કૃપા પ્રેમાગ્નિ કેરી શિખા!
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા! ૨

તારા પાવક સ્પર્શથી હૃદયમાં જાગો પ્રભુ ઝંખના,
અજ્ઞાની જડતાભર્યાં જીવનમાં હૈયે વહો ભાવના.
ઊર્ધ્વારોહણ હો સદા જીવનનું આ નિમ્ન સંસારમાં,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા! ૩

સંસારે તરતી રહો જીવનની નૌકા પદે પ્રાર્થના,
ડૂબું ના ગુરુદેવ ! આ ભવજલે અગાધ ઊંડાણમાં;
દ્વંદ્વોથી ભરપૂર આ જીવનમાં પ્રેમૈક્યતા પામ્યા,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા! ૪

કેવી આ મન-પ્રાણ ને તન તણી લાખો ઊઠે કામના?
સંસારી સૌ ક્ષુદ્ર શુષ્ક સુખની હૈયે જલે વાસના.
મેલી આ મનની ગતિ શમી જજો તારા ઊંડા ભાવમાં,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા! ૫

કોટિ કોટિ કરું સદા ગુરુપદે ભાવોર્મિની વંદના,
પૂજા હો પદપંકજે હૃદયની પુષ્પો ખીલ્યાં ભાવનાં.
તારા મંગલ સંગથી જીવનમાં જાગો પ્રભુઝંખના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા! ૬

દેજો હે ગુરુદેવ ! આજ દિલની કલ્યાણકારી દુવા,
પ્રકૃતિ મમ નિમ્ન ઉર્ધ્વ કરજો તારી કૃપા-ચેતના;
જન્મોજન્મ ભજું પ્રભુચરણને વગે થજો સાધના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા! ૭

હૈયાના ગુણભાવની તવ પદે અર્પું ગુરુદક્ષિણા,
વ્હેજો આ ગુરુભાવગંગ હૃદયે એવી પદે પ્રાર્થના;
ચેતાવી શુભ પ્રેમયજ્ઞ જીવને તારી કરું અર્ચના,
આહુતિ દઈને સદાય દિલની પામું તને સર્વદા ! ૮

– સરોજબેન કાંટાવાલા

**(Printed Matter)**
**Bi-monthly RNI No. GUJGUJ/2018/76364**

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 and **published from HARI OM ASHRAM - P.B. No. 74, NADIAD-387001.**
Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL